


# ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઇ દવે | News4Kutch Daily


સુવિચાર

મક્કમ અને ચોક્કસ માનસિક વલણ, એ કોઈપણ અકસીર દવા કરતા વધુ અસરકારક છે !!


News Help Line : 78 74 88 99 33 | વર્ષઃ ૦૧ અંક : ૩૦૭ તા.૦૯.૦૭.૨૦૨૪, મંગળવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 01 Issue : 307 Dt. 09-07-2024, Tuesday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


# જમ્મુમાં સેનાના વાહન પર આતંકી હુમલો ચાર જવાન શહીદ !

મુંબઈ,તા.૮

રવિવારે રાજૌરી જિલ્લાના ગામમાં આતંકવાદીઓએ સુરક્ષા ચોકી પર ગોળીબાર કર્યો હતો. જેમાં સેનાનો એક જવાન ઘાયલ થયો હતો. તેના બીજા દિવસે સોમવારે પણ આંતકીઓએ હુમલો કર્યો છે. અને જેમાં ચાર જવાનો શહીદ થઈ ગયા છે. આ ઘટના લોહી મલ્હાર બ્લોકના માચેરી વિસ્તારના બદનોટા ગામમાં બની હતી. જેમાં સેનાના વાહન પર આતંકીઓએ હુમલો કરતા ચાર જવાન શહીદ થયા હતા અને છ જવાન ઘાયલ થયા છે.શરૂઆતમાં જવાનો માત્ર ઈજાગ્રસ્ત બન્યા હોવાની જાણકારી સામે આવી હતી પંરતુ ત્યાર બાદ ૪ જવાનો શહીદ થયા હોવાની અધિકારીઓએ જાણકારી આપી હતી આંતકીઓના હોવાની માહિતી આધારે પોલીસ અને સુરક્ષા દળોની સંયુક્ત ટીમે મછેડી વિસ્તારમાં સર્ચ કરી રહી હતી. સર્ચ દરમિયાન આતંકીઓએ તેમના પર ફાયરિંગ કર્યું હતું. વિસ્તારમાં વધુ સુરક્ષા દળો મોકલવામાં આવ્યા છે. બે મહિનામાં સેનાના વાહન પર આ બીજો આતંકવાદી હુમલો છે. જ્યારે બે દિવસમાં સેના પર આ બીજો હુમલો છે. જ્યારે આતંકવાદીઓએ હુમલો કર્યો, ત્યારે સેનાની ટીમ કઠુઆ જિલ્લાના મછેલી વિસ્તાર સ્થિત ધડનોતા ગામ પાસે રાબેતા મુજબ પેટ્રોલિંગ કરી રહી હતી. સેનાએ પણ જવાબી કાર્યવાહીમાં આખા વિસ્તારને ખેરી લઈ આતંક વાદીઓની શોધખોળ શરૂ કરી દીધી છે.'ભારતીય સેનાની ૯મી કોર્પ્સના વિસ્તારમાં કાફલા પર હુમલો કરવામાં આવ્યો છે. આતંક વાદીઓએ ફાયરિંગ કર્યા બાદ જવાનોએ પણ જડબાતોડ કાર્યવાહી કરી છે.૨૪ કલાક પહેલા જ જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં સેનાએ બે અલગ-અલગ એક્કાઉન્ટરમાં છ આતંકીઓને ઠાર કર્યા હતા. શનિવારે શરૂ થયેલા એક્કાઉન્ટરમાં એક પેરા-ટ્રુપર સહિત બે જવાન શહીદ થયા હતા, જ્યારે અન્ય એક જવાન ઘાયલ થયા હતા. આમ સતત જમ્મુ વિસ્તારમાં આંતકીઓ ફરી માથુ ઉંચકી રહ્યા છે. જો કે સૈન્ય તેને જવાબ આપી રહી છે પરંતુ તેમાં આપણા દેશના બહાદુર જવાનોને શહાદત દેવી પડી રહી છે.



## શુ આંતકીઓએ ફરી માથુ ઉંચક્યુ

જમ્મુમાં સેનાના વાહન પર આતંકવાદી હુમલામાં ચાર જવાન શહીદ થયા છે ત્યારે ફરી સ્વર્ગમાં આંતકી પ્રવૃતિ વધી હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યુ છે. જાન્યુઆરી મહિનાથી સતત આંતકીઓ હુમલા કરી રહ્યા છે. અને તેમાં સતત વધારો થઈ રહ્યો છે. જો કે સૈન્ય જવાબી કાર્યવાહી કરી રહ્યુ છે. પરંતુ તેમા આપણા દેશના અનેક બહાદુર જવાનોને શહીદી આપવી પડી છે. આ વર્ષે ૧૨ જાન્યુઆરીએ જમ્મુ-કાશ્મીરના પૂંછમાં આતંકવાદીઓએ સેનાના વાહન પર હુમલો કર્યો હતો.જમ્મુ અને કાશ્મીરના કુલગામમાં ૬ અને ૭ જુલાઈના રોજ મુદ્રાગામ અને ચિન્નીગામ ફ્રિસલમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર થયો હતો. અથડામણમાં સુરક્ષા દળોએ છ આતંકવાદીઓને ઠાર કર્યા હતા. બે જવાનો પણ શહીદ થયા હતા.આતંકવાદીઓએ રવિવારે સવારે રાજૌરી જિલ્લાના માંજાકોટ વિસ્તારમાં આર્મી કેમ્પ પર હુમલો કર્યો હતો. જેમાં એક જવાન ઘાયલ થયો હતો.

# યુદ્ધ વચ્ચે વડાપ્રધાન રશિયાના પ્રવાસે

**વડાપ્રધાન ભારત-રશિયા શિખર સંમેલનમાં ભાગ લેવા મોસ્કો પહોંચ્યા હતા એરપોર્ટ પર રશિયાના પ્રથમ ઉપ-વડાપ્રધાન ડેનિસ મંટુરોવે તેમનું સ્વાગત કર્યું હતું તેમજ તેમને ગાર્ડ ઓફ ઓનરથી પણ સન્માનિત કરાયા હતા**

૦૦૦૦૦

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના આમંત્રણ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ ૮ જુલાઇ અને ૯ જુલાઇ એમ રશિયાના બે-દિવસીય પ્રવાસ પર છે. અહીં વડાપ્રધાન રશિયાના રાષ્ટ્રપતિ સાથે ૨૨માં ભારત-રશિયા વાર્ષિક સંમેલનમાં ભાગ લેશે. સંમેલનમાં ભાગ લેવા વડાપ્રધાન મોદી મોસ્કો પહોંચ્યા છે. જ્યાં એરપોર્ટ પર રશિયાના પ્રથમ ઉપ-વડાપ્રધાન ડેનિસ મંટુરોવે તેમનું સ્વાગત કર્યું હતું તેમજ તેમને ગાર્ડ ઓફ ઓનરથી પણ સન્માનિત કરાયા હતા. રશિયાના સંમેલનમાં ભાગ લીધા બાદ વડાપ્રધાન મોદી ઓસ્ટ્રીયાની મૂલાકાતે પણ જશે. વડાપ્રધાન મોદી ભારત-રશિયા શિખર સંમેલનમાં ભાગ લેવા મોસ્કો પહોંચ્યા હતા. ભારત-રશિયા સંબંધો માટે આ સંમેલન ખુબ જ મહત્ત્વનું છે. આ સંમેલન દરમિયાન બંને દેશો વચ્ચે દ્વિ-પક્ષીય મુદ્દાઓ પર ચર્ચા થશે. તેવી શક્યતા છે કે બંને દેશો રક્ષા અને ઉર્જા ક્ષેત્રમાં વેપાર વધારવા અંગે મહત્વના નિર્ણયો લઇ શકે. રશિયા બાદ વડાપ્રધાન મોદી ઓસ્ટ્રીયા પણ જશે.આ પ્રવાસ અંગે જણાવતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારી પાછલા દસ વર્ષોમાં આગળ વધી છે. હું મારા મિત્ર રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે દ્વિપક્ષીય સહયોગના બધા પાસાઓની સમીક્ષા કરવા ઉત્સાહિત છું. ઉપરાંત વડાપ્રધાને ઓસ્ટ્રિયાને પણ ભારતનો મજબુત અને વિશ્વસનીય ભાગીદાર ગણાવ્યો હતો. વડાપ્રધાન બે-દિવસીય પ્રવાસના કાર્યક્રમ અનુસાર આજે વડા પ્રધાન મોદી રશિયાના રાષ્ટ્રપતિ પુતિન સાથે એક બેઠકમાં ભાગ લેશે. અને ડીનર પણ કરશે પીએમ મોદીના મોસ્કો



પ્રવાસ દરમિયાન રશિયાએ યુક્રેનના ઘણા વિસ્તારોમાં હુમલો કર્યો છે. તેમાં બાળકોની હોસ્પિટલ પણ સામેલ છે. બીબીસી અનુસાર, રશિયન હુમલામાં ઓછામાં ઓછા ૩૧ લોકોનાં મોત થયા છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ આ ઘટનાની નિંદા કરી છે. તેમણે કહ્યું કે રશિયાએ કીવ અને સ્લોવિયાસ્ક સહિત ઘણા શહેરો પર લગભગ ૪૦ મિસાઈલથી હુમલા કર્યો છે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મોસ્કોની કાર્લટન હોટેલમાં બાળકોને મળ્યા અને ભારતીયો સાથે વાતચીત કરી હતી મોદીનો રશિયાનો પ્રવાસ એવા સમયે થઈ રહી છે જ્યારે અમેરિકામાં નાટો સમિટ શરૂ થવા જઈ રહી છે. વિદેશ મંત્રાલયે નિવેદન જારી કરીને સ્પષ્ટતા કરવી પડી હતી કે મોદીની રશિયાની મુલાકાતને નાટો સમિટ સાથે કોઈ લેવાદેવા નથી.

## નજીવા વધારા સાથે શેરમાર્કેટ બંધ, સેન્સેક્સે ૮૦હજારની સપાટી વટાવી

સપ્તાહના પ્રથમ દિવસે માર્કેટ ઘટાડા સાથે માર્કેટની શરૂઆત થઇ હતી. ત્યારે બપોરે ૩.૩૦ કલાકે ક્લોઝિંગ દરમિયાન શેરમાર્કેટમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ અને નિફ્ટીમાં નજીવો વધારો જોવા મળ્યો. સેન્સેક્સ ૩૩ પોઇન્ટના વધારા સાથે ૮૦,૦૨૯ અંક પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૮.૫ પોઇન્ટના વધારા સાથે ૨૪,૩૩૨.૩૫ અંક પર બંધ થયો હતો. ભારતીય શેરબજારનું માર્કેટ કેપ પ્રથમ વખત રૂ. ૪૫૦ લાખ કરોડની ઉપર બંધ થયું છે. આજના ટ્રેડિંગ સેશનમાં,બીએસઇ પર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ રૂ. ૪૫૦.૧૪ લાખ કરોડ પર બંધ થયું હતું, જે અગાઉના સત્રમાં રૂ. ૩૪૯.૮૮ લાખ કરોડથી વધુ હતું. માર્કેટમાં પ્રોફિટ બુકિંગ છતાં ભારતીય શેરબજારનું માર્કેટ કેપ આજના સત્રમાં રૂ. ૨૬૦૦૦ કરોડના ઉછાળા સાથે બંધ થયું હતું. બીએસઈ પર ૪૧૬૯ શેરનું ટ્રેડિંગ થયું હતું જેમાં ૧૮૦૨ શેરો લાભ સાથે અને ૨૨૫૭ શેર નુકસાન સાથે બંધ થયા હતા. ૧૧૦ શેરોના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. આજના ટ્રેડિંગમાં એફએમસીજી શેર આઇટીસી ૨.૨૭ ટકાના વધારા સાથે,એચયુએલ ૧.૫૫ ટકાના વધારા સાથે, નેસ્લે ૧.૨૮ ટકાના વધારા સાથે બંધ થયા છે. આ સિવાય એચસીએલ ટેક ૦.૯૨ ટકા, ટાટા મોટર્સ ૦.૮૭ ટકા, ઈન્ફોસિસ ૦.૭૨ ટકા, રિલાયન્સ ૦.૬૯ ટકા, ટેક મહિન્દ્રા ૦.૪૦ ટકા, ભારતી એરટેલ ૦.૩૪ ટકાના વધારા સાથે બંધ થયા છે. ઘટી રહેલા શેરોમાં ટાઇટન ૩.૫૪ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૬૫ ટકા, ટાટા સ્ટીલ ૧.૩૦ ટકા, એશિયન પેઇન્ટ્સ ૧.૩૧ ટકાના ઘટાડા સાથે બંધ થયા હતા.

## રશિયા મુલાકાત પર ચીન, પાકિસ્તાન,અમેરિકાની નજર

સતત ત્રીજીવારની સરકાર રચ્યાં બાદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૮ જુલાઈએ રશિયાની મુલાકાતે પહોચ્યા છે.હાલના વૈશ્વિક સમિકરણને ધ્યાને લઈને વડાપ્રધાન મોદીની રશિયાની મુલાકાત ઉપર ચીન, પાકિસ્તાન અને અમેરિકા બાજ નજર રાખી રહ્યાં છે. પીએમ મોદી એકમાત્ર એવા નેતા છે જેમની અમેરિકા અને રશિયા બંને સાથે ગાઢ મિત્રતા છે, આવી સ્થિતિમાં આ પ્રવાસની વિશ્વ વ્યવસ્થા પર શું અસર પડશે, શું યુક્રેન યુદ્ધને લઈને રશિયાની રણનીતિ બદલાશે તેના પર નજર છે.વડાપ્રધાન મોદી ૫ વર્ષ પછી રશિયા જઈ રહ્યા છે. રશિયાના રાષ્ટ્રપતિ પુતિન સાથે પીએમ મોદીની મુલાકાતમાં ઘણા કરારો પર હસ્તાક્ષર થવાની સંભાવના છે. આ ઉપરાંત ભારતની સૈન્ય તાકાત વધશે અને વધુ શક્તિશાળી બનશે.ભારત રશિયા વચ્ચેની મુલાકાત પર હથિયારોને લઇને થનારી વાતચીત પર સૌની નજર છે ભારતના આધુનીક ફાઈટર કે જે અત્યાર સુધી વિશ્વમાં માત્ર અમેરિકા, રશિયા અને ચીન પાસે જ આ ફાઈટર એરક્રાફ્ટ છે. હવે આ યાદીમાં ભારતનો સમાવેશ થશે. ત્યારે આ મુલાકાત પર આ દેશો નજર રાખી રહ્યા છે.

## ગુજરાત : આગામી સાત દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી

હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં વિરામ બાદ ફરી મેઘરાજા જમાવટ કરશે. મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે જ્યારે દક્ષિણ ગુજરાતમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરાયુ છે. રાજ્યમાં ગત વર્ષની સરખામણીએ ચોમાસાની નબળી શરૂઆત રહી છે, આ વર્ષે અત્યાર સુધીમાં ૮ ઈંચ સાથે સિઝનનો સરેરાશ ૨૩ ટકા વરસાદ નોંધાયો છે. છેલ્લા ૩ દિવસથી છૂટા છવાયા ઝાપટામે બાદ કરતા રાજ્યમાં વરસાદે વિરામ લીધો છે. ત્યારે હવામાન વિભાગની આગાહી પ્રમાણે ઉત્તર ગુજરાતના મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લીમાં બે દિવસ હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. બીજી તરફ દક્ષિણ ગુજરાતમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં ૯ જુલાઈ ૨૦૨૪ ના રોજ મોટાભાગના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેશે, વરસાદની શક્યતા ઓછી રહેશે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવા છાંટા પડી શકે છે. જ્યારે દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી ૧૦-૨૦ કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાશે.

# મુંબઈ ડૂબ્યુ ! સમગ્ર શહેરમાં પૂર જેવી સ્થિતિ...

મુંબઈ,તા.૮

હવે ચોમાસાની શરૂઆત થઈ ગઈ છે. મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં દરરોજ ભારે વરસાદ પડી રહ્યો છે. સ્થિતિ એવી છે કે સર્વત્ર જળબંબાકાર જોવા મળી રહ્યો છે. રસ્તાઓથી લઈને રેલવે ટ્રેક સુધી બધે જ પાણી છે. જેના કારણે રસ્તા પરના વાહનો માંડ માંડ તેમના ગંતવ્ય સ્થાને પહોંચી શકતા હોય છે. રેલવેએ ઘણી ટ્રેનોના રૂટ પણ ડાયવર્ટ કર્યા છે. કારણ છે પાણી અને કાદવથી ભરેલા ટ્રેક. ફ્લાઇટ્સને એરપોર્ટ પર ઉતરવામાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર વરસાદનો આ ટ્રેન્ડ ચાલુ રહેશે. બદ્રામાં ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે ભારે વરસાદ પડશે. શહેરમાં આગામી કલાકોમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે. શહેરનાં ચકલા (૨૭૮એમએમ),આરે (૨૫૯એમએમ), પવઈ (૩૧એમએમ), સેવરી (૧૮એમએમ) અને ધારાવી (૧૬૫એમએમ)માં ભારે વરસાદ નોંધાયો હતો. તોફાન અને વરસાદને કારણે પાટા પર એક વૃક્ષ પડી જતાં કસારા અને ટિટવાલા સ્ટેશનો વચ્ચે લોકલ ટ્રેન સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી. આ ઉપરાંત અટગાંવ અને થાંસિત સ્ટેશનો વચ્ચેના ટ્રેક પર પાણી તેમજ કાદવ જમા થયો છે. અહીં પણ એક ઝાડ પાટા પર પડ્યું હતું. જેના કારણે વશિંદ સ્ટેશન બ્લોક થઈ ગયું હતું. અહીંથી પસાર થતી ટ્રેનોને ડાયવર્ટ કરવી પડી હતી. રેલવે સ્ટેશન ઉપરાંત રસ્તાઓની હાલત પણ ખરાબ છે. અનેક ફૂટ ઉંચા સુધી પાણી ભરાઈ ગયા છે. જ્યાં દરરોજ વાહનોની અવરજવર રહેતી હોય તેવા માર્ગો પર પાણી ભરાવાના કારણે હવે વાહનો ધીમી ગતિએ દોડતા જોવા મળે છે. લાંબા ટ્રાફિક જામ જેવી સમસ્યા પણ જોવા મળી રહી છે.૨૭ ફ્લાઈટ ડાયવર્ટ કરવામાં આવી હતી. એરપોર્ટ પર રાત્રે ૨.૨૦ થી ૩.૪૦ સુધી કામગીરી બંધ કરવી પડી હતી. ફ્લાઈટને અમદાવાદ, હૈદરાબાદ, ઈન્દોર જેવા શહેરોમાં ડાયવર્ટ કરવી પડી હતી.મુંબઈ યુનિવર્સિટીએ ભારે વરસાદને કારણે તમામ સીડીઓઇ પરીક્ષાઓ મુલતવી રાખવામાં આવી છે. આ પરીક્ષાઓની નવી તારીખ ૧૩ જુલાઈ ૨૦૨૪ રહેશે. સમય અને સ્થળ એ જ રહેશેવિદ્યાર્થીઓને અસુવિધા ટાળવા માટે, મુંબઈની તમામ બીએમસી, સરકારી અને ખાનગી શાળાઓ અને કોલેજોમાં પ્રથમ સત્ર માટે રજા જાહેર કરવામાં આવી છે. પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ આગામી સત્ર માટે નિર્ણય જાહેર કરવામાં આવશે.





**૬ કલાકમાં ૧૨ ઈંચ વરસાદ બાદ મુંબઈમાં જનજીવન થંભી ગયુ સ્કૂલ-કોલેજો બંધ કરવાના નિર્ણય સાથે ૫૦ થી વધુ ફ્લાઇટ્સ તથા ટ્રેન સેવાને અસર પહોંચી હતી મુખ્યમંત્રીએ આગાહીને ધ્યાને રાખી લોકોને બિનજરૂરી બહાર ન નિકળવા તાકીદ કરી છે. ભારે વરસાદના કારણે વિધાનસભાની કાર્યવાહી આખા દિવસ માટે સ્થગિત કરવામાં આવી હતી હજુ પણ ભારે વરસાદ થાય તો મુંબઈમાં ભારે તારાજી સર્જાઇ શકે છે. જો કે તંત્રએ યુધ્ધના ધોરણે કામ શરૂ કર્યુ છે.**

મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદેના ભૂતપૂર્વ પર પોસ્ટ. તેમણે લોકોને એકદમ જરૂરી હોય ત્યારે જ ઘરની બહાર નીકળવા કહ્યું છે. શિંદેએ નાગરિકોને તેમના ઘરમાં રહેવાની વિનંતી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ત્રણથી ચાર દિવસ સુધી વરસાદ યથાવત રહેશે. મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડામાં ૯મીથી ૧૦મી જુલાઈ દરમિયાન મુશળધાર વરસાદની શક્યતા છે. મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ છે. તેમની કેટલીક તસવીરો પણ સામે આવી છે. તસ્વીરોમાં પાણી ભરાવાને કારણે મોટા વાહનો પણ પાણીમાં ગરકાવ થતા નજરે પડે છે. મુંબઈમાં આજે વહેલી સવારથી શહેર અને ઉપનગરોમાં ભારે વરસાદ પડ્યો હતો, જેના કારણે મુખ્ય રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં વ્યાપક પાણી ભરાઈ ગયા છે. જેના કારણે સમગ્ર શહેરમાં ટ્રાફિક જામ થયો હતો અંધેરી, કુર્લા, ભાંડુપ, કિંગ્સ સર્કલ અને દાદર સહિતના કેટલાક વિસ્તારોમાં, અન્ય સ્થળોએ નોંધપાત્ર પાણીનો સંચય નોંધાયો હતો. અવિરત વરસાદે તોફાની ગટરોમાં પાણી ભરાઈ ગયું,વરસાદને કારણે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનલ, કુર્લા વિક્રોલી અને ભાંડુપ રેલવે સ્ટેશન અસરગ્રસ્ત થયા હતા. એકાએક વરસાદે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં મુંબઈકરો મુશ્કેલીમાં મૂકાઈ ગયા હતા. પુણે, નાસિક અને સતારા, કોલ્હાપુર જિલ્લામાં પણ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. છત્રપતિ સંભાજીનગર, જાલના, લાતુર, ધારાશિવ અને નાંદેડ જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ વાવાઝોડાની ચેતવણી જારી કરવામાં આવી છે. જલગાંવ, ધુલે અને સોલાપુર જિલ્લામાં આંધી અને વાવાઝોડાની ચેતવણી આપવામાં આવી છે. જ્યારે રાયગઢ, થાણે, રત્નાગીરી અને સિંધુદુર્ગ જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. મુંબઈની સાથે થાણે, પાલઘર, રાયગઢ અને રત્નાગીરી જિલ્લામાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. અત્યારે મહા રાષ્ટ્રના વિવિધ ભાગોમાં ચાલી રહેલા વરસાદને કારણે એનડીઆરએફની ટીમો અમારા ઉપરાંત થાણે, વસઈ (પાલઘર), મહાડ (રાયગઢ), ચિપલુણ (રત્નાગિરી), કોલ્હાપુર, સાંગલી, સતારા ઘાટકોપર, કુર્લા અને સિંધુદુર્ગમાં તૈનાત છે. કોઈપણ અપ્રિય ઘટનાને રોકવા અને પૂર જેવી કોઈ પણ પરિસ્થિતિના કિસ્સામાં જવાબ આપવા માટે, ૩ ટીમો અંધેરીમાં અને ૦૧ નાગપુરમાં તૈનાત કરવામાં આવી છે.

# ગુજરાત બાદ મણિપુર પહોચ્યા વિપક્ષી નેતા રાહુલ ગાંધી

**ધણા લાંબા સમયથી આ રાજ્યમાં ભારે અરાજકતા સર્જાઇ છે. અને દેશમાં રાજકારણ પણ ગરમાયુ છે ત્યારે સ્થિતી સામાન્ય થાય તે વચ્ચે રાહુલ ગાંધી ત્યા મુલાકાતે પહોચ્યા હતા અને લોકોને કહ્યુ હતુ કે હું તમારો ભાઈ છું, આ વિષય પર રાજકારણ નહીં કરું**

મણિપુર, તા.૮

મણિપુરમાં હિંસા રોકાવાનું નામ નથી લઈ રહી. વારંવાર ત્યાંથી હૃદય કંપાવનારી દુઃખદ ઘટનાઓ સામે આવે છે. આ દરમિયાન કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી મણીપુર પહોંચ્યા હતા. રાજ્યમાં લોકોને મળ્યા બાદ તેમણે ઈમ્ફાલમાં પ્રેસ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે મણિપુરના લોકોને આશ્વાસન પાઠવ્યું હતું અને શાંતી સ્થાપવા અપીલ કરી હતી. તેમજ વડાપ્રધાન મોદીને મણિપુરની મુલાકાત લેવા અપીલ કરી હતી. પ્રેસ કોન્ફરન્સમાં તેમણે કહ્યું કે, જ્યારથી અહીં વિવાદ શરૂ થયું છે ત્યારથી હું અહીં ત્રીજીવાર આવ્યો છું. હું ઘણા કેમ્પમાં ગયો, લોકોથી વાત કરી અને તેમનું દર્દ સાંભળ્યું. અહીંયા શાંતી સ્થાપિત કરવી ખૂબ જ જરૂરી છે. રાહુલ



ગાંધીએ વધુમાં કહ્યું કે, હું રાજ્યના લોકોને કહેવા માંગુ છું કે હું તમારો ભાઈ છું. શાંતિ સ્થાપવા માટે અમે પ્રયત્નો કરીશું. મેં રાજ્યપાલ જોડે વાત કરી છે. હું આ અંગે રાજકારણ નહીં કરું. આખો મણિપુર દર્દમાંથી પસાર થઇ રહ્યો છે. રાજ્યના લોકોને જ્યારે મારી અને કોંગ્રેસની જરૂરત હશે, અમે તેમની સાથે ઉભા રહીશું. રાહુલ ગાંધીએ કહ્યું કે, મેં વિચાર્યું હતું કે પરિસ્થિતિમાં ઘણો સુધારો થયો હશે, પરંતુ મને દુઃખ છે કે આવું નથી થયું. હું ફક્ત આટલું કહેવા માગું છું કે ધૃણા અને હિંસાથી સમાધાન નથી થાય, પરંતુ પ્રેમ અને બંધુત્વથી વાત બની શકે છે. હિંસાએ લોકોને બરબાદ કરી દીધા છે.

મણિપુરમાં જે થઇ રહ્યું છે, તેવું આખા ભારતમાં ક્યાંય નથી જોયુ રાહુલે કહ્યું કે, મને નથી લાગતું કે અહીં સુધારો થઇ રહ્યો છે. હું મોદીથી કહેવા માગું છું કે, મણિપુર એક પ્રદેશ છે. તેમને અહીં ઘણા સમય પહેલા આવવું જોઇતું હતું. સમગ્ર મણિપુર ઇચ્છે છે કે તેઓ અહીં આવે અને તેમની વાત સાંભળે. આનાથી મણિપુરના લોકોને ખુબ ફાયદો થશે. તાજેતરમાં જ રાહુલે કહ્યું હતું કે વડાપ્રધાન દરેક જગ્યાએ ગયા પરંતુ હજુ સુધી મણિપુર નથી ગયા. ગત વર્ષે ૩ મેએ જાતિય હિંસા ફાટી નીકળતા ૨૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા અને હજારો લોકો નિરાશ્રિત થયા હતા. રાજ્યમાં આ હિંસા ત્યારે શરૂ થઈ જ્યારે મૈતેઈ સમાજને અનુસૂચિત જનજાતી (એસટી)માં સામેલ કરવાની માગના વિરોધમાં રાજ્યના પર્વતીય વિસ્તારોમાં આદિવાસી એકતા માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. મણિપુરમાં જાતીય હિંસાને શાંત કરાવવા માટે અત્યાર સુધી વિવિધ પ્રયત્નો કરવામાં આવ્યા છે, પરંતુ હજુ પણ સ્થિતિ ખૂબ જ ગંભીર છે અને વારંવાર અહીંથી ગોળીબારની ઘટનાઓ પણ સામે આવે છે.

## પેપર લીક થયું છે પણ બે વિદ્યાર્થીની ગેરરીતિના કારણે પરીક્ષા રદ ન કરાય

### નીટ પેપર લીક મુદ્દે સુપ્રીમ કોર્ટે કહ્યું

નવી દિલ્હી, તા.૮

સુપ્રીમ કોર્ટમાં આજે નીટ પેપર લીક મામલે સુનાવણી હાથ ધરાઈ હતી. નીટની પરીક્ષા માં ગેરરીતિ અંગે અનેક અરજીઓ સુપ્રીમકોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ, જસ્ટિસ જે.બી.પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચ આ મામલે આજે સુનાવણી હાથ ધરી હતી. જોકે બેંચે તમામ પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ આગામી સુનાવણી ૧૦મી જુલાઈએ હાથ ધરવાનો નિર્ણય લીધો છે. આ મામલે કુલ ૩૮ અરજીઓ પેન્ડિંગ છે. નીટ પેપર લીક મામલે સીજેઆઈએ પૂછ્યું કે આ પેપર લીકને કારણે કેટલાં વિદ્યાર્થી ઓના પરિણામ રોકવામાં આવ્યા? ક્યાં છે વિદ્યાર્થીઓ? ૨૩ જૂને ૧૫૬૩ વિદ્યાર્થીઓની પરીક્ષા ફરી લેવાઈ હતી. શું હજુ પણ આપણે ખોટું કામ કરનારાઓને શોધી રહ્યા છીએ? શું વિદ્યાર્થીઓ મળ્યાં? અમારા મતે તો પરીક્ષા રદ કરવી એ જ અંતિમ ઉપાય રહેશે કેમ કે તેમાં ઘણાં વિદ્યાર્થીઓ સામેલ છે. સીજેઆઈએ કહ્યું કે, 'પેપર લીક થયું હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે, પરંતુ સવાલ એ છે કે, તેનો વ્યાપ કેટલે સુધી પહોંચ્યો છે. આપણે એ સમજવાની જરૂર છે કે, પેપર લીકનો વ્યાપ કેટલો છે? માત્ર બે વિદ્યાર્થીઓએ કરેલી ગેરરીતિના કારણે આખી પરીક્ષા રદ ન કરી શકાય. અમે એ જાણવા માંગીએ છીએ કે, પેપર લીકના આરોપી ઓને ઓળખવા માટે એનટીએ અને સરકારે અત્યાર સુધીમાં શું પગલા ઉઠાવ્યા છે? પેપર લીક થયું એ વાત તો સાચી જ છે. પણ અમે એ જાણવા માગતા છીએ કે તેની અસર કેટલા લોકોને થઈ

## આજનું રાશિફળ

**મેષ :**
આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો પૈતૃક સંપત્તિમાં વારસાના સમાચાર તમારા આખા પરિવારને ખુશખુશાલ કરી મુકશે. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. નવા સંયુક્ત સાહસો તથા ભાગીદારી પર સહી-સિક્કા કરવાથી દૂર રહો. વ્યસ્ત દિનચર્યા છતાં પણ તમે પોતાના માટે સમય કાઢવા માં સક્ષમ હશો. ખાલી સમય માં તમે કઈંક રચનાત્મક કરી શકો છો આજે તમે તમારા જીવનસાથી સાથે તમારા જીવનનો શ્રેષ્ઠતમ દિવસ વિતાવશો.

**વૃષભ :**
આજે ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તેમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂંઝવણ તમને થશે. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહીં કરી શકો. લાયક કર્મચારીઓ માટે નાણાકીય લાભો તથા બઢતી. આજે તમને તમારી સાસુ-સસરા તરફ થી કોઈ ખરાબ સમાચાર મળી શકે છે, જેના કારણે તમારું મન ઉદાસ થઈ શકે છે અને તમે વિચારવા માં ઘણો સમય પસાર કરી શકો છો. તમારા સંબંધીઓ આજે તમારા સુખી લગ્નજીવનને થોડુંક નુકસાન પહોંચાડી શકે છે.

**મિથુન :**
આજે તમે જો યોગ્ય આરામ નહીં લેતા હો તો તમને અત્યંત થાક લાગશે અને તમને વધારાની આરામની જરૂર પડશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારી અપેક્ષા કરતાં મિત્રો વધુ સહકાર આપશે. પ્રેમની વેદના આજે તમને સૂવા નહીં દે. મહિલા સહકર્મચારીઓનો સારો સહકાર મળશે તથા તમારા અધૂરાં કામ પૂરાં કરવામાં મદદ કરશે. સમય ની નાજુકતા ને સમજી ને, આજે તમે બધા થી અંતર રાખી ને એકાંત માં સમય પસાર કરવા નું પસંદ કરશો. આવું કરવું તમારા માટે ફાયદાકારક પણ છે. આજે કોઈ યોજના ઘડવા પહેલા જો તમે તમારા જીવનસાથીને નહીં પૂછો, તો તેનું ઊંધું પરિણામ આવી શકે છે.

**કર્ક :**
આજના દિવસે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. તમારી સમયસરની મદદ કોઈકનું જીવન બચાવશે. આ સમાચાર તમારા પરિવારના સભ્યોને ગર્વ કરાવશે તથા તેમને પ્રેરણા આપશે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો. પગારમાં વધારો તમારો ઉત્સાબ વધારશે. તમારી તમામ નિરાશાઓ તથા ફરિયાદો દૂર કરવાનો અત્યારે સમય છે. આ રાશિ ના જાતકો આજ ના દિવસે પોતાના ભાઈ બહેનો સાથે ઘરે કોઈ મુવી અથવા મેચ જોઈ શકે છે. આવું કરવા થી તમારા લોકો વચ્ચે પ્રેમ વધશે। તમારા જીવનસાથી આજે તમારી માટે કશુંક ખરેખર ખાસ કરશે.

**સિંહ :**
આજના દિવસે ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે. તમારા સહકર્મચારીઓ આજે તમને અન્ય દિવસોની સરખામણીમાં વધુ સારી રીતે સમજશે. આજે તમારે મહત્વના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આજનો દિવસ તમારા લગ્નજીવન માટે ખરેખર મહત્વનો છે. તમે તમારા જીવનસાથીને કેટલો પ્રેમ કરો છો તેની જાણ તેને થવા દો.

**કન્યા :**
તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારા અભિગમમાં ઉદાર બનો અને તમારા પરિવારના સભ્યો સાથે સારી પ્રેમાળ ક્ષણો માણો. આજે તમે તમારા સ્વપ્નની સુંદરીને મળતા જ તમારી આંખો ખુશીથી ચમકી ઊઠશે તથા તમારા હૃદયની ગતિ તેજ થઈ જશે. આજે તમે જે વધારાનું જ્ઞાન મેળવશો તે તમારા સાથીઓ સાથે કામ લેવામાં તમારો ગુણવિશેષ સાબિત થશે. મજા માટેની ટ્રીપ સંતોષકારક રહેશે. શું તમે જાણો છો, તમારા જીવનસાથી તમારી માટે ખરો દેવદૂત છે, અમારી વાત પર વિશ્વાસ નથી? આજે નિરીક્ષણ કરી તેનો જાતઅનુભવ કરો.

**તુલા :**
આજે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ। તમારા માતા-પિતાની તબિયત ચિંતા તથા બેચેની જન્માવશે. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે, બસ તેની અનુભૂતિને માણો. તમે સીધા જવાબ નહીં આપો તો તમારી સાથે સંકળાયેલા લોકો તમારાથી નારાજ થાય એવી શક્યતા છે. આજે તમે જો પ્રવાસ કરવાના હો તો તમારે તમારી ભાષા અંગે વધારે તકેદારી રાખવાની જરૂર છે. સારૂં ભોજન, રોમેન્ટિક ક્ષણો, આજે આ બધું જ તમને મળવાની આગાહી છે.

**વૃશ્ચિક :**
દરેક જણને મદદ કરવાની તમારી તૈયારી તમને આજે વધુ થકવી નાખશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં. અટકી પડેલા પ્રકલ્પો તથા યોજનાઓ અંતિમ સ્વરૂપ લેવા આગળ વધશે. આજે તમે નવા વિચારોથી તરબતર હશો તથા પ્રવૃત્તિની તમારી પસંદગી તમારી અપેક્ષા કરતાં અનેક ગણો વધારે લાભ અપાવશે. આજે કોઈ યોજના ઘડવા પહેલા જો તમે તમારા જીવનસાથીને નહીં પૂછો, તો તેનું ઊંધું પરિણામ આવી શકે છે.

**ધન :**
આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો. આજે તમને તમારા મિત્રની ગેરહાજરી માં તેની સુવાસ વર્તાશે. જે લોકો વિદેશ વેપાર થી સંકળાયેલા છે તેમને આજે માનમાફિક ફળ મળવાની પુરી અપેક્ષા છે. આની સાથે નોકરીપેશા થી સંકળાયેલા આ રાશિ ના જાતક આજે પોતાની પ્રતિભા નું પૂર્ણ વપરાશ કાર્યક્ષેત્ર માં કરી શકે છે. સંવાદ સાધવાની કળા આજે તમારૂં સુદઢ પાસું રહેશે. આજે, તમારી જીવનસંગિની તમારા જીવનની સૌથી કટોકટીભરી બાબતમાં ટેકો આપશે.

**મકર :**
ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. રૉમેન્ટિક મૂડમાં એકાએક પરિવર્તન તમને હતાશ કરશે. તમારી કમાવવાની ક્ષમતા કઈ રીતે વધારવી તે માટેની જાણકારી તથા શક્તિ તમારામાં હશે. મોબાઈલ ચલાવતા સમયે ઘણી વાર તમને સમય ની ખબર હોતી નથી અને પછી જ્યારે તમે તમારો સમય બરબાદ કરી ચુક્યા હો ત્યારે તમને પસ્તાવો થાય છે. તમારા જીવનસાથીના કારણે તમને આજે નુકસાન થઈ શકે છે.

**કુંભ :**
આજે વધુ પડતી ચિંતા તથા તાણ તમારા સ્વાસ્થ્યને બરબાદ કરી શકે છે.માનસિક સ્પષ્ટતા જાળવવા માટે તમારે મૂંઝવણ તથા હતાશા ટાળવી જોઈએ. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ। તમારી પત્ની સાથે પિકનિક પર જવા માટે ખૂબ જ સારો દિવસ. આ બાબત ન માત્ર તમારો મૂજ બદલશે બલ્કે તમારા વચ્ચેની ગેરસમજ ઉકેલવામા પણ મદદ કરશેં. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે. કારકિર્દીની સારી તક માટે કરાયેલી મુસાફરી હકારાત્મક પરિણામો લાવશે. તમારે તમારી સ્વસ્થતા જાળવવાની તથા તમારી જાતને ઈન્ટરવ્યુ દરમિયાન અભિવ્યક્ત કરવાની જરૂર છે. આ રાશિ ના વિદ્યાર્થીઓ ને આજે અધ્યયન માં ધ્યાન કેન્દ્રિત કરવા માં સમસ્યાઓ નો સામનો કરવો પડી શકે છે.

**મીન :**
આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો. કામમાં તમે જે સખત મહેનત કરી રહ્યા છો એનું વળતર તમને આજે મળશે. તમારા ભૂતકાળમાંથી કોઈએ આજે તમારો સંપર્ક કરશે અને તમારો દિવસ યાદગાર બની જશે. તમારા જીવનસાથી આજે થનગનાટ અને પ્રેમથી છલોછલ હશે.

### ગુજરાતના ઇતિહાસમાં પોલીસને સૌ પ્રથમ આ ગૌરવશાળી એવોર્ડ મળ્યો છે: સરહદી કચ્છ જિલ્લો આવા બાહોશ અધિકારીની પ્રતિક્ષામાં છે

# પોલિસ ઈન્સ્પેક્ટર સી.આર જાદવને અસાધારણ કુશળતા પદક એવોર્ડ એનાયત

સુરત તા.૮
(જ્યોતિ પટેલ દ્વારા) સુરતના ઓલપાડ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર ચેતન આર જાદવને કેન્દ્રીય ગ્રુહમંત્રી અમિત શાહ દ્વારા અસાધારણ અસુચના કુશલતા પદક-૨૦૨૦ (મેડલ ફોર એક્સ્ટ્રા ઓર્ડીનરી ઈન્ટેલીજન્સ ગેધરીંગ) એવોર્ડથી સન્માનિત કરાયા હતા. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના વરદ હસ્તે ઈન્સ્પે.ચેતન જાદવને આ એવોર્ડ માટે મેડલ અને સ્ક્રોલ પ્રદાન કરવામાં આવ્યા હતા, ગુજરાતના ઈતિહાસમાં સૌ પ્રથમવાર આ મેડલ શ્રી જાદવને એનાયત કરાતાં ગુજરાત પોલીસ માટે ગૌરવની ક્ષણ બની રહી છે. સી.આર. જાદવ ગુજરાતમાં આ મેડલ મેળવનાર સૌ પ્રથમ પોલીસ ઈન્સ્પેક્ટર છે, જેમને ગુજરાત પોલીસના ઉચ્ચ અધિકારીઓ, પોલીસ જવાનો સહિત અસંખ્ય લોકો અભિનંદન પાઠવી રહ્યા છે. સુરતમાં સાડાત્રણ વર્ષની માસુમ બાળકીનું અપહરણ કરી તેના પર દુષ્કર્મ આચરીને ક્રુર ઘાતકી હત્યા કરવાની ઘટના બની હતી, ત્યારે પી.આઈ જાદવની ટીમે ગણતરીના કલાકોમાં જ હત્યારા રેપીસ્ટને બિહારથી ઝડપી લઈ ગુનાનો ભેદ ઉકેલ્યો હતો, કોર્ટે સજ્જડ પુરાવાના આધારે આરોપીને ફાંસીની સજાનો હુકમ કર્યો હતો અને ગુજરાતમાં દુષ્કર્મના કેસમાં ફાંસીની






સજા પણ સૌ પ્રથમ ઘટના હતી, યુનિયન હોમ મિનિસ્ટર દ્વારા બેસ્ટ ઈન્વેસ્ટીગેશનનો એવોર્ડ પણ અપાયો હતો. વડોદરા પોલીસ કમિશનરના હસ્તે વર્ષ ૨૦૨૩ માં બરોડા આઈકોનનો એવોર્ડ ઈન્સ્પે.ચેતન જાદવને આપ્યો હતો, મુંબઈમાં વર્ષ ૧૯૯૩ માં થયેલા શ્રેણીબધ્ધ બોંબ વિસ્ફોટના ગુનામાં નાસતા ફરતા અને ડોન દાઉદના સાગરીત મુનાફ હાલારીને શોધી ધરપકડ કરી હતી, ઉપરાંત વર્ષ ૨૦૦૮ માં અમદાવાદમાં ૨૦ સ્થળોએ ૨૧ જેટલા શ્રેણીબધ્ધ બોંબ વિસ્ફોટ કરી લોહીયાળ અંધાધુંધી ફેલાવવાના ગુનના આરોપીને કર્ણાટકના બેલગામથી શોધી કાઢી પ્રશંશનીય કામગીરી કરી હતી.

ભારતમાં આતંકવાદી ષડયંત્રોને પાર પાડવા માટે આતંકવાદી સંગઠન જૌશ-એ-મહંમદ ત્રાસવાદી સંગઠનના આકાઓ અને આતંકવાદી ગેંગ દ્વારા રિવોલ્વર, એકે-૪૭, હેન્ડગ્રેનેડ, વિસ્ફોટકો અને આરડીએક્સ માટે એક લાખ ડોલરની રકમ ઉભી કરવાના ભાગ રુપે નાગરીકોના અપહરણ કરવાના ષડયંત્રો રચાયા હતા, જે પૈકી રાજકોટના જ્વેલર્સના પુત્ર ભાષ્કર અને પરેશના અપહરણ કરી ૨૦ કરોડની ખંડણી માંગવામાં આવી હતી, જે કેસમં પોલીસે ૫૦ આરોપીની ધરપકડ કરી હતી, જે ગુનામાં ૧૬ વર્ષથી પોલીસ ચોપડે વોન્ટેડ આરોપીને દિલ્હીના રોહિણીમાંથી શોધી કાઢ્યો હતો, ઉપ રાંત જેહાદી કેસના ગુનામાં વોન્ટેડ એક આરોપીને જયપુર, બીજા આરોપીને ટોંક અને અન્ય બે આરોપીને મધ્યપ્રદેશના બુરહાનપુરથી ઝડપી લીધા હતા. મહેસાણા જીલ્લાના કડી પાસેના મંદિરમાં એક એનઆરઆઈ ટ્રસ્ટી, મંદિરના મહંત અને અન્ય બે ભક્તોની ક્રુર ઘાતકી હત્યા કરી દશ લાખ રુપીયાથી વધારેની રોકડ, ઘરેણાંની લુંટ ચલાવનાર આરોપીને ૧૮ વર્ષ બાદ દિલ્હીથી શોધી કાઢ્યો હતો, જે આરોપી પર ગુજરાત સરકારે ૫૧ હજારનું ઈનામ જાહેર કર્યું હતું, વર્ષ ૨૦૦૬ માં અમદાવાદના રેલવે સ્ટેશન પરના પ્લેટફોર્મ નંબર ૦૨ પર બોંબ વિસ્ફોટ કરવાનું કાવતરું પાર પાડનાર એક આતંકવાદીને કાશ્મીરના બારામુલ્લા, બીજા આતંકવાદીને બંગ્લાદેશની બોર્ડર પરથી અને ત્રીજા આતંકવાદી સહિત ચાર આરોપીને પુણેથી ઝડપી લીધા હતા, જ્યારે અન્ય એક વોન્ટેડ કાશ્મિરમાં સેના દ્વારા કરાયેલા એક્રાઉન્ટરમાં માર્યો ગયો હોવાનું ખુલ્યું હતું. અમદાવાદના નહેરુનગર સર્કલ પર કરાયેલા બ્લાસ્ટના ગુનામાં ચાર આરોપીની ધરપકડ પણ તેમણે કરી હતી.

ગુજરાતના પુર્વ ગૃહમંત્રી હરેન પંડ્યા કેસમાં ત્રણ આરોપી પેરોલ જમ્પ કરી ફરાર થઈ ગયા હતા, જે પૈકીના એક વોન્ટેડ આરોપીને ઝડપી લીધો હતો, બીજા બે આરોપી ડરના માર્યા પોલીસ સમક્ષ સામેથી હાજર થઇ ગયા હતા. પીઆઈ જાદવે માદક દ્રવ્યોના રેકેટનો પર્દાફાશ કરી એમડી ડ્રગ્સનો કેસ કર્યો હતો, એમડી ડ્રગ્સનો સૌ પ્રથમ કેસ ગુજરાત પોલીસ ચોપડે નોંધાયો હતો, દહેગામ પાસે એફેડ્રીન ડ્ર્ગ્સ બનાવતી ફેકટરી શોધી કાઢી ૨૭૨ કરોડ ડ્રગ્સનો જથ્થો પકડ્યો હતો, જે ફેકટરી કુખ્યાત વિક્કી ગોસ્વામી ચલાવતો હતો. વિશાલ સર્કલ પાસેથી બે કરોડ ૬૨ લાખની કિંમતના બ્રાઉન સુગરના જથ્થા સાથે નાઈઝિરીયનની ધરપકડ કરી હતી, ઉપરાંત મોરબીના ૬૦૦ કરોડના ડ્રગ્સ કેસમાં રીમાન્ડ દરમિયાન વધુ ૧૩૩ કરોડની કિંમતનો ડ્રગ્સનો જથ્થો શોધી કાઢી ૧૦ આરોપીઓની ધરપકડ કરી હતી,જે કેસમાં ગેંગસ્ટર્ડ લોરેન્શનું સૌ પ્રથમવાર સંડોવણી હોવાનું બહાર આવ્યું હતું. અમદાવાદના સરદારનગર પોલીસ સ્ટેશનમાં ૨૪ કલાકમાં જ રેકોર્ડબ્રેક ૧૦૯ જેટલા પ્રોહીબીશનના કેસ કર્યા હતા, પાસાના ૧૦૧ અને તડીપારના અસંખ્ય કેસ કર્યા છે. ફેક પાસપોર્ટ, ફેક વીઝા, ફેક કરન્સી, છેતરપીંડી, ઠગાઈ જેવા અનેક કૌભાંડોનો પર્દાફાશ પી.આઈ ચેતન જાદવે કરી અસંખ્ય ગુનાઓના ભેદ ઉકેલ્યા છે. પીઆઈ ચેતન જાદવ કહે છે કે, નાગરીકોના જાનમાલની સુરક્ષાની જવાબદારી અમારી એટલે કે પોલીસની છે, નાગરીકો સુરક્ષીત,સલામત અને નિર્ભય રહે અને ગુનાખોરીની ટકાવારીમાં ઘટાડો થાય તે માટે ગુજરાત પોલીસ સદૈવ નાગરીકોની સેવામાં હાજર હોય છે, એટીએસના તત્કાલિન વડા આઈ.પી.એસ હિમાંશુ શુક્લા મારા પ્રેરણાસ્ત્રોત્ર છે.

### શોભાયાત્રામાં પાંચેગચ્છના ભાવિકો બહોળી સંખ્યામાં ઉમટી પડયા

# માંડવીમાં જૈનાચાર્યનો વાજતે ગાજતે ચાતુર્માસ પ્રવેશ સંપન્ન થયો





માંડવી તા.૮
અહીં આધ્યાત્મિક ઉર્જા સાથે ચાતુર્માસ પ્રવેશોત્સવ શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘમાં વાજતે-ગાજતે ભવ્યાતિ ભવ્ય ચાતુર્માસ મંગલ પ્રવેશ રંગેચંગે રવિવારે સંપન્ન થયો હતો.

જ્ઞાન જયોતિર્ધર, પુણ્યમૂર્તિ, સૌમ્ય સ્વભાવી પ્રવચન પ્રભાવક આચાર્ય ભગવંત શ્રીમદ વિજય યશોવિજયસૂરીશ્વરજી મ.સા.આદિ ઠાણા-૪ તથા સાધ્વીજી ભગવંત કલાવતીશ્રીજી મ.સા. આદિ ઠાણા-૪નો ચાતુર્માસ પ્રવેશ શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જૈન સંઘના ઉપક્રમે,રવિવારના સવારના ૮.૩૦ કલાકે,માંડવી અને બહારગામથી આવેલા બહોળી સંખ્યામાં ભાવિકોની ઉપસ્થિતિમાં મહાવીર બેન્ડ પાર્ટીના ઢોલ અને શરણાઈના સૂરો સાથે માંડવીના તળાવવાળા નાકા પાસેથી, ભવ્યાતિભવ્ય સામૈયું નિકળ્યું હતું.

આ સામૈયામાં "ગુરૂજી અમારો અંતરનાદ, અમને આપો આશિર્વાદ", જેવા ધાર્મિક નારા સાથે વાતાવરણ ધર્મમય બની ગયું હતું, આ શોભાયાત્રા શહેરના જુદા જુદા માર્ગો પરથી પસાર થઈ બે કલાકે જૈનપુરી પહોંચી હતી. શોભા યાત્રામાં માંડવીના પાંચેગચ્છના ભાવિકો બહોળી સંખ્યામાં ઉમટી પડયા હતા. પ્રારંભમાં તપગચ્છ જૈન સંઘના પ્રમુખ ચંદ્રેશ શાહે સામૂહિક વંદના કરાવીસ્વાગતપ્રવચનમાંસૌનેઆવકારી,માંડવીના પાંચેગચ્છના ભાવિકો ઉપરાંત ભુજ, અંજાર, રાજકોટ, વેરાવળ, વાંકાનેર, મુંબઈ વિગેરેથી ભાવિકો ઉપસ્થિત રહીને, ચાતુર્માસ પ્રવેશને ચાર ચાંદ લગાવી દિધા હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે ગુરૂપૂજન તથા માંડવીમાં ૨૭મી જુલાઈથી શરૂ થનારા સિધ્ધિતપના તપસ્વીઓને વિજય તિલક સાથે અંતર પારણા કરાવવાનો લાભ માંડવીના હાલમાં ભુજ નિવાસી મનિષ શશીકાંત મોરબીયા પરિવારેલીધોહતો.જૈનાચાર્યયશોવિજયસૂરીશ્વરજી મહારાજા અને કલાવતીશ્રીજી મ.સા.ને કામળી વહોરાવવાનો લાભ અમદાવાદના નિતાબેન જયેશ શાહે લીધો હતો. આ ઉપરાંત ૪૫ દિવસના સિધ્ધિતપમાં આવતા ૧૮ તપસ્વીઓને બ્યાસણા કરાવવાનો લાભ માતુશ્રી ઝવેરબેન દેવજીભાઈ મહેતા હસ્તે રિયાબેન કેરીન મહેતા પરિવારે લીધો હતો. જૈનપુરીમાં ઉભા કરાયેલા ડોમમાં ખીચોખીચ ભરેલા ભાવિકોને સંબોધતાં જૈનાચાર્ય યશોવિજયસૂરીશ્વરજી મ.સા.એ જણાવ્યું હતું કે, માંડવીમાં અલગ અલગ સંપ્રદાયના પાંચગચ્છ છે, પરંતુ માંડવીમાં ગચ્છવાદ નથી તે આનંદની વાત છે, જૈનાચાર્યે સમ્યક જ્ઞાન દર્શન અને ચારિત્ર વિશે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે, મોર પક્ષી, ડોકટર અને ખેડૂત જેમ ચોમાસાની પ્રતિક્ષા કરે છે તેમ શ્રાવક અને શ્રાવિકાઓ ચાતુર્માસની પ્રતિક્ષા કરે છે. વધુમાં જણાવ્યું હતું કે, અમે અમદાવાદમાં ગઈ સાલે ચાતુર્માસ ગાળતા હતા ત્યારે, માંડવીમાં ચાતુર્માસની વિનંતી કરવા માંડવીના પાંચેગચ્છના આગેવાનો આવ્યા હતા તે એકતાના દર્શન કરાવે છે. આ પ્રસંગે અંજાર સંઘના અગ્રણીઓએ આવતા વર્ષે અંજારને ચાતુર્માસનો લાભ આપવાનો સંઘના મંત્રી શિરીશ શાહે લેખિતમાં વિનંતી કરી હતી, આ જૈનાચાર્યે બે વર્ષ પહેલા ભુજમાં ચાતુર્માસ કરેલ હતો, આ પ્રસંગે અંજાર સંઘના મંત્રી શિરીશ શાહ અને ભુજ સંઘના પ્રમુખ કિર્તીભાઈ શાહનું તપગચ્છ જૈન સંઘ વતી ચંદ્રેશ શાહ, વિરલ શાહ, ભરતભાઈ ડગાળાવાલા, દર્શનભાઈ, ડો. નિમિષ મહેતા, તરૂણ મહેતા, અતુલ શાહ, અને જયેશ ચંદુરાના હસ્તે સન્માન કરાયું હતું. માંડવીના સમસ્ત જૈન સમાજના પાંચેગચ્છનું સ્વામીવાત્સલ્ય જૈનપુરીમાં તેમજ પાંચેગચ્છના આયંબિલ શાળામાં રાખવામાં આવેલ, મયુર વેદાંત એન્ડ પાર્ટીએ સંગીતના સથવારે ગીતો ગાઈને સૌને મંત્રમુગ્ધ કરી દિધા હતા, ચાતુર્માસ ફંડ લખાવવામાં ભાવિકો મન મૂકીને વરસ્યા હતા. મહારાજ સાહેબોના સામૈયા પ્રસંગે શોભાયાત્રામાં ઠેર ઠેર રંગોળી બનાવીને બહેનોએ જ્યારે બાલિકાઓએ માથા ઉપર બેડા ઉપાડીને આવકાર્યા હતા. કાર્યક્રમને પાર પાડવા માંડવી તપગચ્છ જૈન સંઘના સમગ્ર ટ્રસ્ટી મંડળે જહેમત ઉઠાવી હતી. સંચાલન અને આભારવિધી તપગચ્છ જૈન સંઘના ટ્રસ્ટી જયેશ ચંદુરાએ કરી હોવાનું માંડવી તપગચ્છ જૈન સંઘના મિડીયા કન્વીનર દિનેશ શાહ, જયેશ શાહે જણાવ્યું હતું.

# કચ્છી નવા વર્ષે કચ્છ ને મળી સરહદ ડેરી તરફ થી ભેટ



ભુજ તા.૮
નવા વર્ષ ની શરૂઆત માં જ કચ્છ ને સરહદ ડેરી દ્વારા ભુજ તાલુકા ના ભીટારા ગામ ખાતે નવનિર્મિત દૂધ શીત કેન્દ્ર ની અનોખી ભેટ આપવામાં આવી છે. નવનિર્મિત દૂધ શીત કેન્દ્ર નું ઉદઘાટન ભુજના ધારાસભ્ય કેશુ પટેલ દ્વારા અમૂલ ફ્રૅસ્સ્ફ્ર ના વાઈસ ચેરમેન તથા સરહદ ડેરી ના ચેરમેન વલમજી હુંબલ ની વિશેષ ઉપસ્થિતિ માં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆતમાં શીત કેન્દ્રના પ્રાંગણમાં વૃક્ષા રોપણ કરવામાં આવ્યું. આ સાથે નવનિર્મિત ભીટારા દૂધ શીત કેન્દ્ર માં કુલ ૧૨ ગામો કે જેમાં ભીટારા, ઉધમો, લૂણાં, જતવાંઢ(નરા), બુરકલ તેમજ આજુ બાજુ ની વાંઢો નું દૂધ આવી રહ્યું છે. ભીટારા ખાતે ક્લસ્ટર બનાવીને તારીખ ૦૩.૧૦.૨૦૨૩ થી દૂધ કલેક્શન નું ભગીરથ કાર્ય કરવામાં આવી રહ્યું છે. બહુ ટૂંકા ગાળા માં એટ્લે કે માત્ર ૬ મહિના માં જ આ તમામ ગામો એ ૪ કરોડ રૂ. નું દૂધ સરહદ ડેરી માં ભરાવેલ અને આજે સૌ મહેમાનો ના હસ્તે ૨૦ લાખ રૂ. જેટલી માતબાર રકમ અંતિમ ભાવ સ્વરૂપે કચ્છ ના ઈતિહાસ માં સૌપ્રથમ છેવાડા ના આ ગામડાઓ માં દૂધ ભરાવતા ૩૫૦ પરિવારો ના પશુપાલકો ને આપવામાં આવી છે.આગેવાનોએ જણાવ્યુ હતુ. કે ૧૫૦૦ લિટર થી શરૂઆત કરેલ સરહદ ડેરી આજે ૫ લાખ લીટર દૂધનું પ્રોસેસિંગ કરે છે. તેમજ દરરોજનુ ત્રણ કરોડ નું ચુકવણું પશુપાલકોને કરે છે. આ વર્ષે પશુપાલકોને ૪૨ કરોડ રૂપિયા અંતિમ ભાવ રૂપે આપવામાં આવી રહ્યા છે. બન્ની વિસ્તાર માં અત્યારે ગામો ગામ સરહદ ડેરી ની દૂધ મંડળી છે જેથી પશુપાલકો ને સીધો આર્થિક લાભ મળતો થયો છે. પશુપાલકો ને સરહદ ડેરી માં દૂધ ભરાવી સરહદ ડેરી ની વિવિધ યોજનાઓ નો લાભ લેવા અનુરોધ કર્યો હતો આ પ્રસંગે વિવિધ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા



# જય રણછોડ જય જગન્નાથના નાદથી ભુજ શહેર ગુંજી ઉઠયું

### દર વર્ષની જેમ આ વર્ષે પણ ભુજ સ્વામીનારાયણ મંદિર દ્વારા ભુજના રથયાત્રાનુ આયોજન કરાયુ હતુ જેમાં ઠેર ઠેર ભગવાન શ્રી જગન્નાથ ની યાત્રા નું પુજન કરવામાં આવ્યુ પર્યાવરણ જાગૃતિના સંદેશ સાથે રોપાઓનુ વિતરણ રથયાત્રા દરમ્યાન કરાયુ

## રોપાઓનુ વિતરણ પર્યાવરણ જાગૃતિનો સંદેશ

મંદિર ના મુખ્ય દ્વાર પાસે ટ્રસ્ટીઓ, ભુજ મહીલા મંદિર ના મહંત સા.યો. સામબાઈ ફઈ સાથે કચ્છ સત્સંગ ની સાંખ્યયોગી બહેનો પુષ્પ વર્ષા સાથે પુજન કરી દેવોનું પુજન કર્યું હતું, મંદિરના પરિસરમાં મુખ્ય યજમાન પરીવાર ના વિજય વિશ્રામ રાબડીયા પરીવાર,જ્યારે રથ તૈયાર કરનાર માધાપર ગામના દરેક સેવાશ્રમ હરિભકતો વતી અરજણ વેલજી ભુડિયાને સન્માનવામાં આવ્યા હતા.આ રથ યાત્રા ને સફળ બનાવવા મહોત્સવ સમિતિ ના સંતો, કચ્છ નરનારાયણ દેવ યુવક - મહિલા મંડળે સતત કાર્યરત રહ્યા હતા, યાત્રાની ખાસ વાત એ પણ રહી હતી કે લોકોમાં વૃક્ષારોપણ ને લઈને વિશેષ જાગૃતિ લાવવા આ રથયાત્રા દરમ્યાન વૃક્ષ ના રોપા નું વિતરણ પણ અવીરત ચાલુ રહ્યું હતું, તો સુવિચારો ના



બેનરો સાથે પર્યાવરણ બચાવો સંદેશાઓ પણ બાઈક સવારો દ્વારા રાખવામાં આવ્યા હતા. જેની હાલના વર્તમાન સમયમાં ખુબ જરૂરી છે. આમ ધર્મ સાથે પર્યાવરણ બચાવનો સંદેશ સાથે લોકોને વૃક્ષારોપણ માટે જાગૃત કરાયા હતા.

કચ્છી નવવર્ષ સાથો સાથ ભુજ માં જગન્નાથની રથયાત્રાનુ આ વર્ષે પણ આયોજન કરાયુ હતુ પ્રસાદી મંદિર ભુજમાં બિરાજમાન ઘનશ્યામ મહારાજ પંચદશાબ્દી મહોત્સવના ઉપક્રમે સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા જગન્નાથ પુરી ની ઝાંખી સાથે ત્રીસ ફૂટ લાંબા અને વીસ ફુટ પહોળા ભવ્ય સુશોભિત રથ માં ભગવાન શ્રી જગન્નાથ,બહેન શ્રી સુભદ્રા અને ભાઈ બલરામની મનમોહક પ્રતિમાઓને બિરાજમાન કરવામાં આવી હતી હજારો હરિભકતો ની ઉપસ્થિતિમાં ભુજ મંદિર ના મહંત સ્વામી ધર્મનંદનદાસ,કચ્છના સાંસદ વિનોદ ચાવડા,પ્રસાદી મંદિરના મહંત સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસ,સ.ગુ.સ્વામી મુકુંદજીવનદાસ,સ.ગુ.સ્વામી હરીબળ દાસજી,કોઠારી સ્વામી શાંતિસ્વરૂપ દાસ,સ. ગુ. સ્વામી દેવકૃષ્ણદાસ,સ. ગુ. સ્વામી કેશવજીવનદાસ,સ. ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસ,માંડવી મંદિર મહંત સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસ,પ્રસાદી મંદિર કોઠારી સ્વામી પ્રકાશદાસ, ધારાસભ્ય કેશુ પટેલ,ભુજ તાલુકા પંચાયતના પ્રમૂખ વિનોદ વરસાણી,કચ્છ યુનિવર્સિટીના કુલપતિ મોહન પટેલ,મુખ્ય યજમાન વિજયભાઈ અને ઘનશ્યામ, ભુજ મંદિરના મુખ્ય કોઠારી મુરજી શિયાણી, ઉપ કોઠારી જાદવજી ગોરાસીયા, સલાહકાર રામજી વેકરીયા, ટ્રસ્ટી શશીકાંત ઠક્કર, દેવશી હિરાણી,વિગેરે મહાનુભાવો ની ઉપસ્થિત સાથે બ્રહ્મદેવો એ શાસ્ત્રોક વિધિ વિધાન સાથે પસ્થાન થયેલ જેનુ પૂજન કરાયા બાદ જય રણછોડ જય જગન્નાથ ના નાદ સાથે રથ યાત્રાનો પ્રારંભ કરવામા આવ્યો હતો રથની પાછળ રંગબેરંગી પોષકમાં બહેનો સામૈયા કળશ જય જયકાર ના નારાઓ સાથે ભક્તિભજન સાથે જોડાઇ હતી જ્યારે શંખ અને ભજન મંડળીઓએ પોતાની આગવી અને અલૌકિક શેલીમાં માહોલ ભક્તિમય બનાવ્યો હતો. ભુજ તથા પટેલ ચૌવીસીના ગામોમાંથી મોટી સંખ્યામાં ભક્તો યાત્રામાં જોડાયા હતા. જે ભુજના વિવિધ શહેરમાં ફરી હતી. શહેરના જુદા જુદા વિસ્તારોમાં યાત્રાનું સ્વાગત અને પૂજન કરવામાં આવ્યુ હતુ. જેમા વિવિધ વિસ્તારના લોકોએ વિવિધ સેવાનો લાભ તથા પુજનનો લાભ લીધો હતો સમૂહ આરતી અને પૂજન બાદ પ્રસાદ વિતરણ સાથે રથ યાત્રા ને વિરામ આપવામાં આવ્યો હતો. સમગ્ર રથ યાત્રાના સંચાલન માં મંદિરના કોઠારીઓ શાસ્ત્રી સ્વામી શ્રી.અક્ષરપ્રિયદાસ, નારાયણમુનીદાસ, સ્વામી શાંતિસ્વરૂપદાસ, સહયોગ કાર્યરત સંત.દેવપ્રકાશદાસ વિગેરેએ જહેમત ઉઠાવી હતી તો કચ્છભરના મંદિરના સંતો સેવામાં જોડાયા હતા



# FILMY ગપશપ

### અનંત-રાધિકાના સંગીત સમારોહ બાદ

# અંબાણી પરિવારે જસ્ટિન બીબર સાથે કરી મુલાકાત

## જસ્ટિન બીબરે રાધિકા મર્ચન્ટ અને અનંત અંબાણીના સંગીતની સુંદર તસવીરો શેર કરી છે

મુંબઈ, તા.૮

જસ્ટિન બીબરે રાધિકા મર્ચન્ટ અને અનંત અંબાણીના સંગીતની સુંદર તસવીરો શેર કરી છે. તસ્વીરોમાં, જસ્ટિન અનંત અને પરિવાર સાથે હોટલમાં મુલાકાત કરતો જોવા મળે છે, જસ્ટીને અનંત અંબાણી અને રાધિકાના સંગીતમાં પરફોર્મ કરવા માટે ૮૪ કરોડ રૂપિયા લીધા હતા. પોપ સ્ટાર જસ્ટિન બીબરે તાજેતરમાં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના સંગીત સમારોહમાં પરફોર્મ કરીને ધૂમ મચાવી હતી. પ્રદર્શન પછી તરત જ, જસ્ટિન બીબરે મિયામીની ફ્લાઈટ લીધી. હવે તેણે રાધિકા અને અનંતના સંગીતમાંથી ન જોયેલી તસવીરો શેર કરી છે, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.

આ તસવીરોમાં જસ્ટિન બીબર ટૂંક સમયમાં લગ્ન કરવા જનાર કપલ રાધિકા મર્ચન્ટ અને અનંત અંબાણી સાથે પોઝ આપતા જોવા મળે છે. તસવીરોમાં શ્લોકા મહેતા અને આનંદ પીરામલ પણ છે. કેટલીક તસવીરોમાં અનંત અંબાણી બેસીને વાત કરતા જોવા મળે છે જ્યારે જસ્ટિન તેમની સામે જોઈ રહ્યો છે. બંને અનંત અંબાણીની હોટલના રૂમમાં છે. રાધિકા અને અનંતની સંગીત સેરેમની શુક્રવાર, ૫ જુલાઈએ નૈં કન્વેન્શન સેન્ટરમાં થઈ હતી. જેમાં ફિલ્મ ઈન્ડસ્ટ્રી, સ્પોટ્‌ર્સ અને બિઝનેસ જગતની અનેક મોટી હસ્તીઓએ ભાગ લીધો હતો.સલમાન ખાન, માધુરી દીક્ષિત, કિયારા અડવાણી, સિદ્ધાર્થ મલ્હોત્રા, જાહ્નવી કપૂર, રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને સારા



અલી ખાન સહિત ઘણા સ્ટાર્સ જોવા મળ્યા હતા.

સલમાન અને રણવીર સિંહે બેક ટુ બેક ગીતો પર પણ પરફોર્મ કર્યુ હતું. સલમાને રાધિકા અને અનંતના સંગીતમાં વિકી કૌશલ સાથે સ્ટેજ પર ડાન્સ પણ કર્યો હતો. જસ્ટિન બીબરે તેના ઘણા હિટ ગીતો પર જબરદસ્ત પરફોર્મન્સ આપ્યું હતું. તેણે 'બેબી', 'લવ યોરસેલ્ફ', 'સોરી' અને 'બેબી પીચીસ' જેવા ગીતો પર પરફોર્મ કર્યુ હતું. સંગીત સેરેમની દરમિયાન જસ્ટિન બીબરે રાજા અનંત અંબાણીને પોતાની તરફ ખેંચ્યા અને પછી ગળે લગાવ્યા. આનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

## 'આલ્ફા'માં આલિયા ભટ્ટ અને શર્વરી વાઘ સુપર એજન્ટ્સના રોલમાં જોવા મળશે



મુંબઈ, તા.૮

છેલ્લા ઘણાં સમયથી આલિયા યશરાજના સ્પાય યુનિવર્સની ફિલ્મ કરી રહી હોવાની ચર્ચાઓ ચાલતી હતી. ત્યારે શુક્રવારે આલિયા ભટ્ટે ફિલ્મના નામની ઓફિશિયલ અનાઉન્સમેન્ટ કરીને ફેન્સને સરપ્રાઈઝ આપી હતી. યશરાજ ફિલ્મ્સ દ્વારા આદિત્ય ચોપરાના સ્પાય યુનિવર્સની જે ફિલ્મની સૌથી વધુ રાહ જોવાતી હતી તેનું નામ હવે જાહેર થઈ ગયું છે. આલિયા અને શર્વરીએ ઈન્સ્ટાગ્રામ પર એક નાનું ટીઝર જાહેર કરીને ફિલ્મ 'આલ્ફા'નાં નામની જાહેરાત કરી છે. ફિલ્મના ટીઝરમાં આલિયાનો વોઈસ ઓવર પણ સાંભળવા મળે છે. આ ટીઝરમાં આલિયાના અવાજમાં સંભળાય છે,"ગ્રીક અક્ષરોમાં સૌથી પહેલો અક્ષર, અને અમારા પ્રોગ્રામનો હેતુ. સૌથી પહેલાં, સૌથી તેજ, સૌથી વીર. ધ્યાનથી જુઓ તો દરેક શહેરમાં એક જંગલ છે. અને જંગલમાં હંમેશા રાજ કરશે....આલ્ફા." ટીઝરમાં આલ્ફાની ડિઝાઈન બતાવવામાં આવી અને પછી જાહેરાત કરવામં આવી, "હાલ ફિલ્મ બની રહી છે". આલિયા અને શર્વરીએ શેર કરેલી પોસ્ટમાં લખ્યું હતું, "હવે આ આલ્ફાનો સમય છે.યશરાજના સ્પાય યુનિવર્સની બે ફિલ્મો આવી રહી છે, રિતિક રોશન અને જુનિયર એનટીઆરની 'વૉર ૨' અને શર્વરી તેમજ આલિયાની 'આલ્ફા'. જેમાં પહેલી વાર યશરાજ ફિલ્મ્સ લેડી સ્પાયને લીડ રોલ આપશે.



અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના સંગીત સમારોહમાં ઘણા સ્ટાર્સે હાજરી આપી હતી. સોનમ બાજવા પણ સંગીતમાં પહોંચી હતી. આ દરમિયાન સોનમનો લૂક ખૂબ જ સુંદર હતો.સોનમ બાજવાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર કેટલીક શાનદાર તસવીરો શેર કરી છે.



ખૂશી કપૂર પિંક સાડી લૂકમાં અનંત અંબાણી અને રાધિકાના સંગીત સેરેમનીમાં પહોંચી હતી. ખૂશીએ ઈન્સ્ટાગ્રામ પર આ લૂકની તસવીરો શેર કરી છે.ખૂશી કપૂરે તેની નવી તસવીરોમાં બોલ્ડ ફિગર ફ્લોન્ટ કર્યું હતું. ચાહકો પણ તેના ગ્લેમરસ અંદાજને લાઈક કરી રહ્યા છે.



પશ્મીનાને હોટ પિંક કલરના લહેંગામાં જોઈ શકાય છે.તેણે ગુલાબી લહેંગા સાથે શાનદાર મેકઅપ કર્યો છે. નવા લૂકમાં પશ્મીના ખૂબ જ સુંદર લાગી રહી છે.પશ્મીનાએ ખુલ્લા વાળની સ્ટાઈલ કરી હતી. તેમાં તેનો લૂક ખૂબ જ સુંદર લાગી રહ્યો હતો.



તાપસી પન્નુએ સફેદ સાડી પહેરીને ફોટો શૅર કર્યો છે. તેણે ત્રણ ઈમેજિસ શૅર કરી છે. પહેલી ઈમેજમાં તે કૅમેરા સામે સાડીનો પાલવ પકડીને ઊભી છે. બીજા ફોટોમાં તે બોટમાં બેઠી છે અને ચહેરા પર મોટું સ્માઈલ છે. ત્રીજા ફોટોમાં તે ઊંડા વિચારોમાં ખોવાયેલી દેખાય છે.

## એક્ટર અને પ્રોડ્યુસર તરીકે કરીનાની પહેલી ફિલ્મ સપ્ટેમ્બરમાં રિલીઝ થશે

મુંબઈ, તા.૮

કરીનાએ હવે ધીરે ધીરે ટિપિકલ બોલિવૂડ મસાલા ફિલ્મની સાથે થોડા પેરેલલ સિનેમા પ્રકારના ગંભીર રોલ કરવાનું પણ શરૂ કર્યુ છે. થોડા વખત પહેલાં તેની 'જાને જાન' આવેલી. હવે કરીના કપૂરની વધુ એક ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરી દેવામાં આવી છે. તે અજય દેવગન સાથે રોહિત શેટ્ટીની 'સિંઘમ અગેઈન' કરી રહી છે, તે ઉપરાંત હંસલ મહેતાની ફિલ્મ 'બકિંગહામ મર્ડર્સ'ની પણ આતુરતાથી રાહ જોવાઈ રહી છે. ૧ જુલાઈના રોજ કરીના કપૂર ખાન અને બાલાજી મોશન પિક્ચર્સ દ્વારા 'બકિંગહામ મર્ડર્સ'ના પોસ્ટર જાહેર કરીને કરીનાના લૂક સાથે તેની ડેટ પણ જાહેર કરી દેવામાં આવી છે.

આ પોસ્ટરમાં કરીના ખુબ ચેલેન્જિંગ રોલમાં જોવા મળે છે. તેની આ ફિલ્મ ૧૩ સપ્ટેમ્બરે થિયેટરમાં રિલીઝ થશે. પોસ્ટર શેર કરતી પોસ્ટમાં લખવામાં આવ્યું હતું,"હંસલ મહેતા દ્વારા ડિરેક્ટ થયેલી અને જેમાં કરીના કપૂર સ્ટાર છે એવી 'બકિંગહામ મર્ડર્સ'૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ થિએટરમાં રિલીઝ થશે તે જાહેર કરતાં અમે ખુબ ઉત્સુક છીએ." આ એક ઈન્ટેન્સ થ્રિલર ફિલ્મ છે, જેમાં હિડન એજન્ડા અને સંબંધો સાથેની એક જકડી રાખે તેવી મર્ડર મિસ્ટરી જોવા મળશે. આ ફિલ્મમાં કરીના સિવાય એશ ટંડન, રણવીર બ્રાર અને કિથ એલન વિવિધ ભૂમિકામાં જોવા મળશે.

## 'કલ્કિ'ના કારણે રોકાયેલી 'ઔરોં મેં કહાં દમ થા' ઓગસ્ટમાં રિલીઝ થશે

મુંબઈ, તા.૮

છેલ્લા ત્રણ દિવસોથી અહેવાલો આવી રહ્યા છે કે 'ઔરોં મેં કહાં દમ થા'ની રિલીઝ પાછી ઠેલાઈ છે. અગાઉ આ ફિલ્મ ૫ જુલાઈ, શુક્રવારે રિલીઝ થવાની હતી. પરંતુ ત્રીજી જુલાઈએ જાહેરાત કરવામાં આવી કે એક્ઝિબિટર્સ અને ડિસ્ટ્રિબ્યુશન સાથે સંકળાયેલાં લોકોની વિનંતિને માન આપીને આ ફિલ્મની રિલીઝ પોસ્ટપોન થઈ છે. હવે આ ફિલ્મ ૨ ઓગસ્ટે રિલીઝ થશે. પહેલાં ફિલ્મના મેકર્સ જુલાઈના બીજા અઠવાડિયામાં રિલીઝ કરવાનું વિચારતા હતા. પરંતુ પછી તેમણે ૨ ઓગસ્ટની તારીખ નક્કી કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સફળતાપૂર્વક બોક્સ ઓફિસ પર દોડી રહેલી 'કલ્કિ'ના કારણે પૂરતાં શો મેળવવામાં તકલીફ ન પડે તેથી આ ફિલ્મ પોસ્ટપોન કરવામાં આવી છે.

"ઓગસ્ટ ૨ સારી તારીખ છે. ૨૬ જુલાઈએ 'ડેડપૂલ એન્ડ વુલ્વેરીન' રિલીઝ થઈ રહી છે. તેથી એક દિવસે બે મોટી ફિલ્મો રિલીઝ કરવી યોગ્ય નથી." જોકે, ૨ ઓગસ્ટે 'ઔરોં મેં કહાં દમ થા'ની ટક્કર જાન્હવીની 'ઉલઝ' અને વિક્રાંતની 'ધ સાબરમતી રીપોર્ટ' સાથે થવાની છે.







## અનંત-રાધિકાના લગ્ન પૂર્વે દાદી મા કોકિલાબેન અંબાણીએ ગરબા નાઈટનું આયોજન કર્યુ

મુંબઈ, તા.૮

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન પૂર્વે દાદી મા કોકિલાબેન અંબાણી દ્વારા ભવ્ય ગરબા નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું. પોતાના લગ્નની વિધિઓ માટે રાધિકા ગરવી ગુજરાતણ સ્વરૂપમાં આવી ગઈ છે. ગરબા નાઈટમાં પણ તેણે જાંબલી રંગના ચણિયાચોળી સાથે બાંધણીનો દુપટ્ટો પહેર્યો હતો.

ખાસ તો તેના ચણિયામાં શ્રીનાથજીની એમ્બ્રોડરીએ બધાંનું ધ્યાન ખેંચ્યું હતું. અનંતે પેસ્ટલ પિંક કૂર્તો અને જેકેટ પસંદ કર્યા હતા. આ પ્રસંગે નીતા અંબાણીએ પેસ્ટલ શેડના ચણિયાચોળી અને મોટી વહુ શ્લોકા મહેતાએ મલ્ટી કલરના ચણિયાચોળી પહેર્યા હતા.

આ પ્રસંગે કોકિલાબહેન અને પરિવારના અન્ય સભ્યો સાથેની તસવીરમાં પણ અનંત અને રાધિકા દેખાયા હતા. અંબાણી પરિવાર અને તેમના નિકટના મિત્રો પાર્થિવ ગોહિલના ગરબાના તાલે ઝૂમ્યા હતાં.

# SPORTS કોર્નર

## હું કોઈ વાતને લઈને દુ:ખી થવા માંગતો નથી, ક્રિકેટર ઈશાન કિશન



મુંબઈ,તા.૮

ભારતીય ટીમમાંથી બહાર થયા બાદ અને બીસીસીઆઇ કોન્ટ્રાક્ટ ગુમાવ્યા બાદ ઈશાન કિશનની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે. ઈશાન કિશને કહ્યું કે છેલ્લા કેટલાક મહિનાઓ તેના માટે મુશ્કેલીઓથી ભરેલા હતા. તેણે કહ્યું કે તેની સાથે જે પણ થયું તે તેને આશ્ચર્યમાં મૂકે છે કે તેની સાથે આ બધું કેમ થયું. કિશને કહ્યું કે તેના પરિવાર અને મિત્રો સિવાય તેનું દુ:ખ કોઈ સમજી શક્યું નથી. ભારતીય ટીમના શાનદાર વિકેટકીપર બેટ્‌સમેન ઈશાન કિશને ટીમમાંથી બહાર થયા બાદ અને બીસીસીઆઈ કોન્ટ્રાક્ટ ગુમાવ્યા બાદ પહેલીવાર આ અંગે વાત કરી છે. ઈશાન કિશને માનસિક થાકને કારણે ગયા વર્ષે ડિસેમ્બરમાં ભારતના દક્ષિણ આફ્રિકા પ્રવાસમાંથી વિરામ માંગ્યો હતો અને ત્યારથી તે ટીમમાં પાછો ફર્યો નથી. જોકે તે આઈપીએલ ૨૦૨૪માં મુંબઈ ઈન્ડિયન્સ સાથે રમ્યો હતો, તેમ છતાં તાજેતરના ઝિમ્બાબ્વે પ્રવાસ માટે તેની પસંદગી થઈ ન હતી.

ઈશાન કિશને ભારતીય ટીમમાંથી બહાર રહેવા અને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં અવગણના થવા અંગે ખુલ્લેઆમ વાત કરી હતી. જ્યારે તેને ભારતીય ટીમમાંથી બહાર થવા અને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં અવગણવા અંગે પૂછવામાં આવ્યું ત્યારે ઈશાને કહ્યું, 'હું કોઈ વાતને લઈને દુ:ખી થવા માંગતો નથી. હું મારું સર્વશ્રેષ્ઠ આપવાનું ચાલુ રાખીશ. વિકેટકીપર બેટ્‌સમેને સ્વીકાર્યું કે છેલ્લા કેટલાક મહિનાઓ તેની તરફેણમાં નહોતા અને જે બન્યું તેનાથી તેને આશ્ચર્ય થયું કે તેની સાથે આ બધું કેમ થયું.

## કુલદીપ યાદવ કોઈ બોલીવુડ અભિનેત્રી સાથે લગ્ન કરી શકે છે

મુંબઈ,તા.૮

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની જીતની ઉજવણી હજુ પણ દેશમાં થઈ રહી છે. ફેન્સ હજુ પણ ઉજવણીના નશામાંથી બહાર આવી રહ્યા નથી. દિલ્હી અને મુંબઈમાં સેલિબ્રિશન બાદ ખેલાડીઓનું હવે તેમના હોમટ-ાઈનમાં સ્વાગત થઈ રહ્યું છે. ભારતને ચેમ્પિયન બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવનારા કુલદીપ યાદવનું પણ કાનપુરમાં જોરદાર સ્વાગત થયું. સ્ટાર સ્પિનર કુલદીપના ઘરે પહોંચતા જ તેના લગ્નની ચર્ચાઓ શરૂ થઈ ગઈ. એવી અટકળો હતી કે કુલદીપ યાદવ કોઈ બોલીવુડ અભિનેત્રી સાથે લગ્ન કરી શકે છે. હવે જાણો કુલદીપે આ અંગે શું જવાબ આપ્યો. ૨૯ વર્ષના કુલદીપ યાદવે એનડીટીવી સાથે વાતચીતમાં જણાવ્યું કે તે કોઈ પણ અભિનેત્રી સાથે લગ્ન કરશે નહીં. તેણે કહ્યું કે તમને જલદી સારા સમાચાર મળશે પરંતુ તે કોઈ અભિનેત્રી નહીં હોય. જરૂરી એ છે કે જે પણ હોય તે મારા અને પરિવારની દેખભાળ કરે. અત્રે જણાવવાનું કે ચાઈના મેનના હુલામણા નામથી ઓળખાતા કુલદીપ યાદવે ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં



૧૦ વિકેટ લીધી હતી. તેણે આ વિકેટ ફક્ત ૫ મેચમાં લીધી હતી. કુલદીપ યાદવને ટુર્નામેન્ટની ગ્રુપ મેચોમાં પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરાયો નહતો. ભારત સુપર ૮માં પહોંચ્યુ ત્યારે તેને પ્લેઈંગિ ઈલેવનમાં સામેલ કરાયો હતો.

ટી૨૦ વર્લ્ડ કપ જીતવા પર કુલદીપે કહ્યું કે વર્લ્ડ કપ જીતીને અમે ખુબ ખુશ છીએ. આ જીત ખુબ જ લાંબા ઈન્તેજાર બાદ મળી છે. તેમણે દેશભરમાં થઈ રહેલા ભવ્ય સ્વાગત પર કહ્યું કે દેશમાં વિશ્વ કપ લાવવો એ ચોક્કસપણે ખુબ ખુશીની વાત છે. આ કપ તમામ દેશવાસીઓનો છે. ઉજવણીથી એ પણ સાબિત થાય છે કે લોકો કેટલા ખુશ છે.

## રોહિત શર્મા અને વિરાટ કોહલી નિવૃત્તિમાંથી ફરી વાપસી કરશે

મુંબઈ,તા.૮

ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલીએ વેસ્ટ ઈન્ડિઝના બાર્બાડોસમાં ટી ૨૦ વર્લ્ડ કપની ટ્રોફી હાથમાં લેતા જ ક્રિકેટના સૌથી ટૂંકા ફોર્મેટ ટી ૨૦ને અલવિદા કહી દીધું હતું. જો કે, ટેસ્ટ અને વનડે ટીમના કેપ્ટન રોહિત શર્મા અને વિરાટ કોહલી ટી ૨૦ ઈન્ટરનેશનલ ફોર્મેટમાં વાપસી કરી શકે છે. રોહિત-કોહલીની નિવૃત્તિ પછી, ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે આયોજિત થનારા ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ટીમ ઈન્ડિયાના ખિતાબને બચાવવાની જવાબદારી યુવા ખેલાડીઓ પર છે. જો કે, યુવા ખેલાડીઓ સાથે ઝિમ્બાબ્વે પ્રવાસ પર ગયેલી ટીમ ઈન્ડિયાની શરૂઆત સારી રહી ન હતી, ઝિમ્બાબ્વે જેવી નબળી ટીમ સામે ટી ૨૦ શ્રેણીની પ્રથમ મેચ હારી ગઈ હતી. આવી સ્થિતિમાં જો યુવા ખેલાડીઓથી સજેલી ટીમ ઈન્ડિયા ઝિમ્બાબ્વે, શ્રીલંકા જેવા દેશો સામે સીરીઝ હારી જાય છે તો રોહિત શર્મા અને વિરાટ કોહલી ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા જેવી મોટી ટીમો સામે ટી૨૦ સીરીઝમાં વાપસી કરી શકે છે. જો રોહિત શર્મા અને વિરાટ કોહલી ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ફોર્મેટમાં પુનરાગમન કરે છે, તો તેઓ આ વર્ષે ૮ નવેમ્બરે ફરી એકવાર ટી ૨૦ રમતા જોવા મળી શકે છે. ભારતીય ટીમ ૮ નવેમ્બરથી ૧૫ નવેમ્બર સુધી દક્ષિણ આફ્રિકાના પ્રવાસે ચાર મેચની ટી૨૦ શ્રેણી રમવા જશે. આ પછી ટીમ ઈન્ડિયા ૨૨ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી સુધી ઘરઆંગણે ઈંગ્લેન્ડ વિરુદ્ધ પાંચ મેચની ટી ૨૦ શ્રેણી રમશે. તે ભારતમાં વર્ષ ૨૦૨૬માં યોજાનાર ટી ૨૦ વર્લ્ડ કપ સાથે તેની ટી ૨૦ કારકિર્દીની સમાપ્તિ કરી શકે છે. જો આમ થાય છે અને ટીમ ઈન્ડિયા ટી ૨૦ વર્લ્ડ કપ પર કબજો કરવામાં સફળ રહે છે, તો ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં પહેલીવાર એવું બનશે કે ટીમ ઈન્ડિયા તેની કોઈપણ આઈસીસી ટ્રોફીનો બચાવ કરશે. આગામી બે વર્ષમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ, ચેમ્પિયન્સ ટ્રોફી અને ટી ૨૦ વર્લ્ડ કપ રમાશે.

## ટીમ ઈન્ડિયાના ૧૫ ખેલાડીઓને ૫-૫ કરોડ રુપિયા મળશે

મુંબઇ,તા.૮

ટી૨૦ વર્લ્ડકપમાં એક પણ મેચ હાર્યા વગર ટીમ ઈન્ડિયા ચેમ્પિયન બની છે. ચેમ્પિયન બનતા જ ટીમ પર પૈસાનો વરસાદ થયો છે. બીસીસીઆઈએ ટીમ ઈન્ડિયાને ટી૨૦ વર્લ્ડકપ જીતવા પર પોતાની તેજોરી પણ ખોલી હતી. દુનિયાનું સૌથી મોટું ક્રિકેટ બોર્ડ ટીમ ઈન્ડિયા માટે ૧૨૫ કરોડ રુપિયાના ઈનામની જાહેરાત કરી હતી.

હવે એક રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, ટીમ ઈન્ડિયાના ખેલાડીઓને કેટ-લા પૈસા મળશે અને હેડ કોચ, સપોર્ટ સ્ટાફને કેટલી રકમ મળશે? તમે પણ જોઈ ચોંકી જશો કે, વર્લ્ડ ચેમ્પિયન ખેલાડીઓના હેડ કોચ રાહુલ દ્રવિડથી બે ગણા વધારે પૈસા મળશે.

રિપોર્ટ મુજબ રોહિત શર્મા, વિરાટ કોહલી સહિત ટીમ ઈન્ડિયાના ૧૫ ખેલાડીઓને ૫-૫ કરોડ રુપિયા મળશે. આ ૧૫ ખેલાડીઓમાંથી ૩ એવા ખેલાડી છે, જેમણે એક પણ મેચ રમી નથી. આ ખેલાડીઓમાં સંજુ સેમસન, યુઝવેન્દ્ર ચહલ અને યશસ્વી જયસ્વાલ છે. બીસીસીઆઈએ ૪ રિઝર્વ ખેલાડીને પણ ૧-૧ કરોડ રુપિયા આપવાની જાહેરાત કરી છે. રિંકુ સિંહ, શુભમન ગિલ, ખલીલ અહમદ અને આવેશ ખાનને પણ બીસીસીઆઈ એક કરોડ રુપિયા આપશે. રાહુલ દ્રવિડની કોચિંગમાં ટીમ ઈન્ડિયાએ વર્લ્ડકપ જીત્યો છે, બીસીસીઆઈએ આ દિગ્ગજને ૨.૫ કરોડ રુપિયા આપવાની જાહેરાત કરી છે.માત્ર રાહુલ દ્રવિડ જ નહિ પ રંતુ આખા કોચિંગ સ્ટાફ જેમાં બેટિંગ કોચ, બોલિંગ કોચ, ફિલ્ડિંગ કોચને પણ ૨.૫ કરોડ રુપિયા ઈનામ તરીકે આપવામાં આવશે.

આ સિવાય બૈકરુમ સ્ટાફના મેમ્બરને પણ ૨-૨ કરોડ રુપિયા આપવામાં આવશે. ટીમ ઈન્ડિયાના ખેલાડી અને સપોર્ટ સ્ટાફને મેળવી કુલ ૩૬ ખેલાડીઓ વચ્ચે આ રકમ વહેંચાશે. તમામે સાથે મળી ટી૨૦ વર્લ્ડકપ જીત્યો છે અને બીસીસીઆઈએ તમામને શુભકામના પણ પાઠવી હતી.

એક સમયે લાગતું હતુ કે, ટીમ સાઉથ આફ્રિકા સામે હારી જશે. પરંતુ બુમરાહ, અર્શદીપ સિંહ અને હાર્દિક પંડ્યાની સારી બોલિંગના કારણે ભારતીય ટીમ વર્લ્ડ ચેમ્પિયન બની છે.

# ભાજપનું 'મિશન કાશ્મીર,નાના પક્ષો સાથે સંકલન, અપક્ષોને સમર્થન

નવીદિલ્હી,તા.૮

જમ્મુ-કાશ્મીરની વિધાનસભા ચૂંટણીને લઈને ભાજપ ગંભીર બની ગઈ છે. સીમાંકન બાદ રાજ્યમાં આ વર્ષે જ ચૂંટણી યોજાય તેવી શક્યતાઓ છે. આવી સ્થિતિમાં ભાજપ વતી ગૃહમંત્રી અમિત શાહ પોતે ચૂંટણીની રણનીતિ તૈયાર કરી રહ્યા છે. તાજેતરમાં જ અમિત શાહ અને જેપી નડ્ડાએ રાજ્યમાં પાર્ટીના કામકાજને જોતા 'ટીમ ૭' ના નેતાઓ સાથે પણ બેઠક યોજી હતી અને રાજ્યની સ્થિતિ અને ચૂંટણી તૈયારીઓની સમીક્ષા અને વ્યૂહરચના અંગે ચર્ચા કરી હતી. આ બેઠકમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ રવિન્દ્ર રૈના, સંગઠન મહાસચિવ અશોક કૌલ, રાજ્યના ત્રણ મહાસચિવ જીતેન્દ્ર સિંહ, જુગલ કિશોર શર્મા અને ચૂંટણી પ્રભારી જી કિશન રેડ્ડીએ હાજરી આપી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પાર્ટી જમ્મુ-કાશ્મીરની તમામ સીટો પર ચૂંટણી લડવાને બદલે જમ્મુ ક્ષેત્રની તમામ સીટો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરશે. સીમાંકન બાદ જમ્મુમાં વિધાનસભા સીટોની સંખ્યા ૩૭ થી વધીને ૪૩ થઈ ગઈ છે. કાશ્મીરમાં માત્ર એક સીટનો વધારો થયો છે અને હવે આ સંખ્યા ૪૬ થી વધીને ૪૭ થઈ ગઈ છે.

જો સૂત્રોનું માનીએ તો, ભાજપ પોતે ખીણમાં ઓછી બેઠકો પર ચૂંટણી લડશે અને મોટાભાગની બેઠકો પર નાના પક્ષો સાથે સંકલન કરશે અને અપક્ષોને સમર્થન આપી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રફિયાબાદ, લોલાબ, કરનાહ, કુપવાડા, સોપોર, ઉરી, બારામુલ્લા, ગુલમર્ગ, ગુરેઝ જેવી એક ડઝન બેઠકો પર ઉમેદવારો મેદાનમાં ઉતારવામાં આવી શકે છે કારણ કે આ વખતની ચૂંટણી માત્ર કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ જ નહીં રાજ્યમાં પ્રથમ વિધાનસભાની ચૂંટણી છે, પરંતુ તે પાર્ટી માટે પ્રતિષ્ઠાની ચૂંટણી પણ છે.

લોકસભાની ચૂંટણીમાં ભાજપે ખીણમાં પોતાનો ઉમેદવાર ઊભો રાખ્યો ન હતો પરંતુ પરોક્ષ રીતે રાશિદ એન્જિનિયરને ટેકો આપ્યો હતો અને રાશિદ બારામુલ્લા બેઠક જીતવામાં સફળ રહ્યો હતો. કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ અહીંની ચૂંટણી ભાજપ માટે ખૂબ જ પ્રતિષ્ઠાની છે. આતંકવાદમાં ઘટાડો અને બદલાયેલા વાતાવરણમાં ભાજપને ઘણી આશાઓ છે.

સામાન્ય ચૂંટણીમાં મતદારોની ભાગીદારીને જોતા રાજ્યમાં ચૂંટણીને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સામાન્ય ચૂંટણીના પરિણામો પણ ચોંકાવનારા રહ્યા છે.

# પૃથ્વીનું પાણી ઝડપથી ઘટી રહ્યું છે, ઉત્તર ભારતમાં ૨૦ વર્ષમાં ૪૫૦ ઘન કિલોમીટર ભૂગર્ભજળ ઘટ્યું, વધુ ઘટવાના સંકેત

નવીદિલ્હી,તા.૮

આગામી દિવસોમાં પાણીની કટોકટી વધુ ઘેરી બની શકે છે. કારણ કે પૃથ્વીની નીચેનું પાણી ઝડપથી ઘટી રહ્યું છે. આ માહિતી એક અભ્યાસમાં સામે આવી છે. અભ્યાસ મુજબ, ઉત્તર ભારતમાં ૨૦૦૨ થી ૨૦૨૧ સુધીમાં લગભગ ૪૫૦ ઘન કિલોમીટર ભૂગર્ભજળમાં ઘટાડો થયો છે અને જળવાયુ પરિવર્તનને કારણે નજીકના ભવિષ્યમાં તેની માત્રામાં વધુ ઘટાડો થશે.



ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી સિવિલ એન્જિનિયરિંગ અને અર્થ સાયન્સના અધ્યાપક વિક્રમ સારાભાઈ અધ્યક્ષ અને અભ્યાસના મુખ્ય લેખક વિમલ મિશ્રાએ જણાવ્યું હતું કે આ ભારતના સૌથી મોટા જળાશય ઈન્દિરા સાગર ડેમના કુલ જળ સંગ્રહના પ્રમાણમાં ૩૭ ગણો છે. . અભ્યાસ દરમિયાન, સંશોધકોએ શોધ્યું કે ૧૯૫૧-૨૦૨૧ના સમયગાળા દરમિયાન સમગ્ર ઉત્તર ભારતમાં ચોમાસાની મોસમ (જૂનથી સપ્ટેમ્બર) દરમિયાન વરસાદમાં ૮.૫ ટકાનો ઘટાડો થયો હતો. આ સમયગાળા દરમિયાન પ્રદેશમાં શિયાળાની મોસમના તાપમાનમાં ૦.૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે.

હૈદરાબાદ સ્થિત નેશનલ જિયોફિઝિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (એનજીઆરઆઈ)ના સંશોધકોની ટીમે જણાવ્યું હતું કે ચોમાસા દરમિયાન ઓછો વરસાદ અને શિયાળા દરમિયાન વધતા તાપમાનને કારણે સિંચાઈ માટે પાણીની માંગમાં વધારો થશે અને આનાથી ભૂગર્ભજળ રિચાર્જમાં ઘટાડો થશે, જેના કારણે પાણીમાં ઘટાડો થશે. ઉત્તર ભારતમાં પહેલેથી જ ઘટી રહેલા ભૂગર્ભજળના સંસાધનો પર વધુ દબાણ આવશે.

૨૦૨૨ ના શિયાળામાં પ્રમાણમાં ગરમ હવામાન દરમિયાન, સંશોધકોએ શોધી કાઢ્યું કે ચોમાસા દરમિયાન ઓછા વરસાદને કારણે પાકને વધુ ભૂગર્ભજળની જરૂર પડે છે અને શિયાળામાં ઊંચા તાપમાને જમીન પ્રમાણમાં શુષ્ક બની જાય છે, જેના માટે પુનઃસિંચાઈ કરવાની જરૂર છે. અભ્યાસ મુજબ, "આબોહવા પરિવર્તનને કારણે ચોમાસા દરમિયાન વરસાદની અછત અને ત્યારબાદ શિયાળામાં પ્રમાણમાં ઊંચા તાપમાને ભૂગર્ભ જળ રિચાર્જમાં લગભગ ૬-૧૨ ટકાનો ઘટાડો થવાની ધારણા છે," મિશ્રાએ કહ્યું, તેથી, અમને વધુ દિવસો સુધી હળવા વરસાદની જરૂર છે ." ભૂગર્ભજળના સ્તરમાં ફેરફાર મુખ્યત્વે ચોમાસા દરમિયાન વરસાદ અને પાકની સિંચાઈ માટે ભૂગર્ભજળના શોષણ પર આધાર રાખે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે શિયાળા દરમિયાન જમીનમાં ભેજનું પ્રમાણ છેલ્લા ચાર દાયકામાં નોંધપાત્ર રીતે વધ્યું છે, જે સિંચાઈની માંગમાં વધારો થવાની સંભવિત ભૂમિકા દર્શાવે છે.

# કિવમાં રશિયાનો સૌથી મોટો હુમલો, ૫ મોટા શહેરોને નિશાન બનાવ્યા

કીવ,તા.૮

રશિયાએ સોમવારે યુક્રેનની રાજધાની કિવ પર મોટો હુમલો કર્યો હતો. આ હુમલો યુક્રેન પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કહેવામાં આવી રહ્યો છે. આ હુમલો બાળકોની હોસ્પિટલ તેમજ ઘણા રહેણાંક વિસ્તારની મોટી ઈમારતો પર કરવામાં આવ્યો છે. સાત બાળકો હોસ્પિટલમાં મૃત્યુ પામ્યા હતા, જ્યારે ક્વિી રીહ શહેરમાં અન્ય હુમલામાં ૧૦ લોકો માર્યા ગયા હતા. રશિયાએ ૪૦ થી વધુ મિસાઈલો વડે યુક્રેનના પાંચ શહેરોને નિશાન બનાવ્યા. ઝેલેન્સકીએ કહ્યું કે મૃતકોની સંખ્યા કહી શકાય નહીં. હાલમાં બાળકોની હોસ્પિટલમાં બચાવ કાર્ય ચાલી રહ્યું છે. કાટમાળ નીચે ફસાયેલા લોકોને પણ શોધવામાં આવી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે કાટમાળ નીચે દટાયેલા લોકોની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. યુક્રેનના ગૃહ પ્રધાન ઈહોર ક્લિમેન્કોએ જણાવ્યું હતું કે સોમવારે થયેલા હુમલામાં દેશભરમાં ઓછામાં ઓછા ૨૦ લોકો માર્યા ગયા હતા અને લગભગ ૫૦ લોકો ઘાયલ થયા હતા.

સોશિયલ મીડિયા પર માહિતી આપતા ઝેલેન્સકીએ કહ્યું કે ફરી એકવાર યુક્રેન પર મોટા પાયે મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો છે. વિવિધ શહેરો પર વિવિધ પ્રકારની ૪૦ થી વધુ મિસાઈલો છોડવામાં આવી છે. એપાર્ટમેન્ટ બિલ્ડીંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બાળકોની હોસ્પિટલને સંપૂર્ણપણે નુકસાન થયું હતું. તેમણે વધુમાં કહ્યું કે, સમગ્ર વિશ્વએ રશિયન હુમલાઓને રોકવા માટે તેના સંપૂર્ણ સંકલ્પનો ઉપયોગ કરવો જોઈએ. ફક્ત સાથે જ આપણે વાસ્તવિક શાંતિ અને સલામતી લાવી શકીએ છીએ.

છેલ્લા બે વર્ષથી રશિયા અને યુક્રેન વચ્ચે સતત યુદ્ધ ચાલી રહ્યું છે. આ દરમિયાન ફરી એકવાર રશિયન સેનાએ લગભગ ૪૦ મિસાઈલોથી યુક્રેનિયન ટાર્ગેટ પર મોટો હુમલો કર્યો છે. રશિયાએ આ હુમલામાં હાઈપર સોનિક મિસાઈલનો ઉપયોગ કર્યો છે. યુક્રેનની વાયુસેનાએ કહ્યું છે કે આ મિસાઈલની ઝડપ ઘણી વધારે છે. જેને રોકવામાં મુશ્કેલી પડે છે.

આ હુમલો વોશિંગ્ટનમાં ત્રણ દિવસીય નાટો સમિટના એક દિવસ પહેલા થયો હતો. આ કોન્ફરન્સમાં, યુક્રેનને સમર્થનની ખાતરી કેવી રીતે આપવી અને યુક્રેનિયનોને આશા કેવી રીતે આપવી કે તેમનો દેશ આ સંકટમાંથી બહાર નીકળી શકે તે અંગે વિચારણા કરવામાં આવશે. રશિયન ડ્રોન કિવ વિસ્તારમાં મિસાઈલ હુમલા પર સતત નજર રાખી રહ્યા છે.

# ચંદ્ર પર મનુષ્યને મોકલ્યા બાદ હવે મંગળ પર વસાવવાની યોજના

વોશિગ્ટન,તા.૮

ચંદ્ર પર મનુષ્યને મોકલ્યા બાદ હવે તેમને મંગળ પર વસાવવાની યોજના પર કામ શરૂ થઈ ગયું છે. જો બધું બરાબર રહ્યું તો આગામી સાત વર્ષમાં એટલે કે ૨૦૩૦ સુધીમાં લાલ ગ્રહ પર માનવ મોકલવાનું શરૂ થઈ જશે. મંગળ પર મનુષ્ય કેવી રીતે જીવી શકશે તે અંગે ટ્રાયલ હાથ ધરવામાં આવી હતી, જેના માટે નાસાએ કેનેડિયન જીવવિજ્ઞાની કેલી હેસ્ટન સહિત ચાર લોકોની પસંદગી કરી હતી. હવે, એક વર્ષ પછી, નાસાના અવકાશયાત્રીઓ અનોખા અનુભવ પછી પાછા ફર્યા છે. નાસાના જોન્સન સ્પેસ સેન્ટરના ડેપ્યુટી ડાયરેક્ટર સ્ટીવ કોર્નરે કહ્યું, 'અમે લોકોને મંગળ પર મોકલવાની તૈયારી કરી રહ્યા છીએ.'

નાસાના અવકાશયાત્રીએ દરવાજાની પાછળથી ત્રણ વાર મોટેથી પૂછ્યું, "શું તમે બહાર આવવા માટે તૈયાર છો?" દરવાજો ખોલતાં જ તેનો જવાબ સ્પષ્ટ સંભળાય છે. હકીકતમાં, નાસાના ચાર વૈજ્ઞાનિકો એક વર્ષ સુધી માનવ સંપર્કથી દૂર રહ્યા પછી પાછા ફર્યા છે. તેના આવતાની સાથે જ



વાતાવરણ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યું. તમને જણાવી દઈએ કે, નાસા મંગળ પર માનવ સંશોધનની તૈયારી કરી રહ્યું છે. આ માટે ખાસ રૂમ બનાવવામાં આવ્યો હતો. હ્યુસ્ટનના જોન્સન સ્પેસ સેન્ટરમાં એક ઘર બનાવવામાં આવ્યું હતું. તેમાં ચાર લોકો માટે રહેવાની વ્યવસ્થા છે. આ ઘર મંગળની સ્થિતિને મળતું આવે તેવું બનાવવામાં આવ્યું હતું. એન્ક્રા સેલેર્યુ, રોસ બ્રોકવેલ, નાથન જોન્સ અને ટીમ લીડર કેલી હેસ્ટને આ ઘરમાં લગભગ ૩૭૮ દિવસ વિતાવ્યા. આ સમય દરમિયાન આ લોકોએ શાકભાજી ઉગાડ્યા હતા. ત્યાં માર્સ વોક પણ કર્યું.

આ એક વર્ષમાં આ લોકો માટે આટલા દિવસો સુધી પરિવારથી દૂર રહેવું સૌથી મુશ્કેલ હતું. એક રીતે, જ્યારે રોગચાળા જેવું લોકડાઉન હતું ત્યારે આવો અનુભવ હતો. શનિવારે જ્યારે ચારેય લોકો આ ઘરની બહાર આવ્યા ત્યારે તેમના ચહેરા પર સ્મિત હતું. તેના વાળ થોડા વધુ વિખરાયેલા હતા. પણ તેની ખુશી સ્પષ્ટ દેખાતી હતી. કેલી હેસ્ટન હસ્યા અને કહ્યું, 'હેલો, તમને લોકોને ફરીથી હેલો કહેવું ખરેખર ખૂબ સરસ છે.'

'હું આશા રાખું છું કે હું અહીં તમારા બધાની સામે ઊભા રહીને રડતો નથી' ડૉ. જોન્સે કહ્યું. તેણે તેની પત્નીને ભીડમાં જોઈ અને તે જ રીતે તે રડવા લાગ્યો. ક્રૂ હેલ્થ એન્ડ પરફોર્મન્સ એક્સપ્લોરેશન એનાલોગનું માર્સ ડ્યુન આલ્ફા હ્યુસ્ટન એ પ્રિન્ટેડ ૧,૭૦૦ ચોરસ ફૂટ ચેમ્બર છે. તેનો હેતુ મંગળની સપાટી પર તેમના નિવાસસ્થાનનું અનુકરણ કરવાનો છે તેમાં ચાર શયનખંડ છે. આ સિવાય જીમ, કિચન અને રિસર્ચ સેન્ટર બનાવવામાં આવ્યા છે. આ ઘર એરલોક દ્વારા અલગ કરવામાં આવ્યું હતું. અહીં ચારેયએ માર્સ વોકની પ્રેક્ટિસ પણ કરી હતી.

# જય શાહ વધુ શક્તિશાળી બનશે, આઈસીસીમાં જવાની અટકળો

નવીદિલ્હી,તા.૮

જય શાહ ૨૦૧૯ થી ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સચિવ છે. અત્યારે તેમના હાથમાં ઘણી સત્તા છે, પરંતુ હવે એવી અટકળો ચાલી રહી છે કે જો જય શાહ આઈસીસી અધ્યક્ષ પદ માટે અરજી કરે તો તેઓ નવા અધ્યક્ષ તરીકે બિનહરીફ ચૂંટાઈ શકે છે. પરંતુ એવા પણ અહેવાલો છે કે જય શાહે હજુ સુધી આ અંગે કોઈ સ્પષ્ટ નિર્ણય લીધો નથી. તમને જણાવી દઈએ કે અધ્યક્ષ પદ માટે આ વર્ષે નવેમ્બરમાં ચૂંટણી યોજાવાની છે. હાલમાં, ન્યુઝીલેન્ડના ગ્રેગ બાર્કલે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના ચેરમેન પદ ધરાવે છે અને બીજી મુદત માટે અરજી કરવા પાત્ર છે. ક્રિકબસ અનુસાર આઈસીસી જુલાઈ મહિનામાં કોલંબોમાં એક બેઠક યોજવા જઈ રહી છે, જેમાં અધ્યક્ષ પદ માટે ચૂંટણીની તારીખની જાહેરાત કરવામાં આવી શકે છે. જો કે જય શાહે હજુ સુધી આ વિષય પર પોતાનું મૌન તોડ્યું નથી, પરંતુ અહેવાલ છે કે તેઓ આઈસીસીની કામગીરીની કેટલીક રીતોથી ખુશ નથી. જો અહેવાલોનું માનીએ તો શાહ વેસ્ટ ઈન્ડિઝ અને યુએસએમાં



ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ યોજવા અંગે પણ ખુશ ન હતા. જો શાહ ચેરમેન પદ માટે અરજી કરે છે અને ચૂંટણી જીતી જાય છે તો તેઓ આઈસીસીના સૌથી યુવા અધ્યક્ષ બનશે.

રિપોર્ટ અનુસાર, આઈસીસી અધ્યક્ષના કાર્યકાળમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ, વ્યક્તિ ત્રણ વખત અધ્યક્ષ બની શકતી હતી અને દરેક કાર્યકાળ ૨ વર્ષ માટે હતો. પરંતુ નવા નિયમો અનુસાર, વ્યક્તિ બે વખત ચેરમેન બની શકે છે અને દરેક કાર્યકાળ ૩ વર્ષનો રહેશે. જો જય શાહ અધ્યક્ષ બને છે, તો તેઓ ૩ વર્ષ સુધી આ પદ પર રહેશે અને આમ કર્યા પછી, તેઓ ૨૦૨૮ માં બીસીસીઆઈના અધ્યક્ષ બનવા માટે લાયક બનશે.

# સંદેશખાલી કેસની તપાસને લઈને સુપ્રીમ કોર્ટે મમતા સરકારને કોઈ રાહત આપી નહીં

નવીદિલ્હી,તા.૮

સંદેશખાલી કેસની તપાસને લઈને મમતા સરકારને સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. સીબીઆઈ તપાસ સામે રાજ્ય સરકારની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે અરજી પર સવાલો ઉઠાવ્યા અને પૂછ્યું કે રાજ્ય સરકારને આ મામલે કેમ રસ છે? આખરે રાજ્ય સરકાર શા માટે કોઈને બચાવવા માંગે છે?

આ પહેલા આ મામલાની સુનાવણી ૨૯ એપ્રિલે સુપ્રીમ કોર્ટમાં થઈ હતી. સુપ્રીમ કોર્ટે કલકત્તા હાઈકોર્ટના આદેશ પર સ્ટે આપવાનો ઈન્કાર કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે રાજ્ય સરકાર વ્યક્તિના હિતની રક્ષા માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કેવી રીતે કરી શકે? ત્યારે કોર્ટે કહ્યું હતું કે આ કેસની સુનાવણી ઉનાળાના વેકેશન બાદ થશે. સંદેશખાલીમાં જમીન પચાવી પાડવા અને જાતીય સતામણીના મામલામાં સીબીઆઈ તપાસના આદેશ સામે પશ્ચિમ બંગાળ સરકારે





સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. કલકત્તા હાઈકોર્ટે સીબીઆઈ તપાસનો આદેશ આપ્યો હતો. હાઈકોર્ટના આદેશ સામે પશ્ચિમ બંગાળ સુપ્રીમ કોર્ટમાં ગઈ હતી.

જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની ટીમ રાશન કૌભાંડ કેસમાં શાહજહાં શેખની ધરપકડ કરવા પહોંચી હતી, ત્યારે હજારોના ટોળાએ ટીમ પર હુમલો કર્યો હતો. ઘટનાના લગભગ ૫૫ દિવસ બાદ શાહજહાંની ધરપકડ કરવામાં આવી હતી. શાહજહાં શેખ પર હત્યા, મહિલાઓની જાતીય સતામણી, જમીન પચાવી પાડવા, ટીમ પર હુમલા જેવા અનેક ગંભીર આરોપો છે.

આ ઘટના બાદ પણ સીબીઆઈએ સંદેશખાલીમાં દરોડા ચાલુ રાખ્યા હતા. એપ્રિલ મહિનામાં સીબીઆઈએ સંદેશખાલીમાં અલગ-અલગ જગ્યાએ દરોડા પાડ્યા હતા. સીબીઆઈએ સંદેશખાલી કેસના મુખ્ય આરોપી શાહજહાં શેખના નજીકના ગણાતા અબુ તાલેબના બે સ્થળો પર દરોડા પાડ્યા હતા. આ સમયગાળા દરમિયાન સીબીઆઈએ હથિયારોનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો. સીબીઆઈએ શાહજહાં શેખના ભાઈ શેખ આલમગીરની પણ પૂછપરછ કરી હતી.

# બિલ્ડરો પર SC: ખરીદદારો સાથે છેતરપિંડી થઈ રહી છે

નવી દિલ્હી, તા.૮

સુપ્રીમ કોર્ટે સોમવારે ભાજપના નેતા અને એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયની જાહેર હિતની અરજી પર સુનાવણી કરી. ત્રણ જજની બેન્ચે જણાવ્યું હતું કે દેશભરના બિલ્ડરો ખરીદદારો સાથે છેતરપિંડી કરી રહ્યા છે. આ કારણે દેશભરમાં બિલ્ડર-ખરીદનાર કરારોમાં એકરૂપતા લાવવાની જરૂર છે. કેસની આગામી સુનાવણી ૧૯ જુલાઈએ થશે.

એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયે એક સમાન બિલ્ડર-બાયર એગ્રીમેન્ટ બનાવવાની માંગ કરતી પીઆઈએલ દાખલ કરી છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે સોમવારે સુનાવણી હાથ ધરી હતી. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે કહ્યું કે સમગ્ર ભારતમાં બિલ્ડરો દ્વારા ખરીદદારોને છેતરવામાં આવે છે. તેથી હવે કરારમાં એકરૂપતા લાવવાની જરૂર છે. કેસની આગામી સુનાવણી ૧૯ જુલાઈએ થશે કોર્ટે કહ્યું કે અમારે એમિકસ રિપોર્ટ જોવો પડશે. આ સિવાય ક્રેડાઈના વાંધા પર પણ વિચાર કરવામાં આવશે. આને તમામ રાજ્યોએ લાગુ કરવાની જરૂર છે. ત્રણ જજની બેન્ચે જણાવ્યું હતું કે દેશભરના બિલ્ડરો ખરીદદારો સાથે છેતરપિંડી કરી રહ્યા છે. આ કારણે દેશભરમાં બિલ્ડર-ખરીદનાર કરારોમાં એકરૂપતા લાવવાની જરૂર છે. કેસની આગામી સુનાવણી ૧૯ જુલાઈએ થશે.

એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયે એક સમાન બિલ્ડર-બાયર એગ્રીમેન્ટ બનાવવાની માંગ કરતી પીઆઈએલ દાખલ કરી છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે સોમવારે સુનાવણી હાથ ધરી હતી.

# વર્ષમાં બે વાર ઈન્જેક્શન આપીને HIV મટાડી શકાય છે

દક્ષિણ આફ્રિકા, તા.૮

દક્ષિણ આફ્રિકા અને યુગાન્ડામાં HIV પર મુખ્ય ક્લિનિકલ ટ્રાયલ હાથ ધરવામાં આવી હતી. આ અજમાયશમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે વર્ષમાં બે વાર નવી પ્રી-એક્સપોઝર પ્રોફીલેક્સિસ દવાના ઈન્જેક્શનથી, એક મહિલા HIV સંક્રમણથી સંપૂર્ણપણે સુરક્ષિત થઈ ગઈ.અજમાયશમાં તપાસ કરવામાં આવી હતી કે શું લેનાકાપાવીરના છ મહિનાના ઈન્જેક્શનથી એચઆઈવી ચેપ સામે બે અન્ય દવાઓ, દરરોજ લેવામાં આવતી ગોળીઓ કરતાં વધુ સારી સુરક્ષા મળી છે. આ ત્રણેય દવાઓ પ્રી-એક્સપોઝર પ્રોફીલેક્સિસ (અથવા PrEP) દવાઓ છે. ફિઝિશિયન-વૈજ્ઞાનિક લિન્ડા-ગેલ બેકર, અભ્યાસના દક્ષિણ આફ્રિકન ભાગ માટે મુખ્ય તપાસકર્તા, સમજાવે છે કે શા માટે આ સફળતા એટલી મહત્વપૂર્ણ છે અને આગળ શું અપેક્ષા રાખવી જોઈએ.લેન્કાપાવીર અને અન્ય બે દવાઓની અસરકારકતા ચકાસવા માટે ૫,૦૦૦ સહભાગીઓ સાથે યુગાન્ડાની ત્રણ સાઈટ્સ અને દક્ષિણ આફ્રિકામાં ૨૫ સાઈટ્સ પર ટ્રાયલ કરવામાં આવી હતી. પહેલું એ હતું કે શું લેંકાપાવીરનું છ-માસિક ઈન્જેક્શન સલામત છે અને ૧૬ થી ૨૫ વર્ષની વયની મહિલાઓ માટે પ્રેઇપીના સ્વરૂપ તરીકે ટ્રુવાડા એફ/ટીડીએફ કરતાં વધુ સારી સુરક્ષા પ્રદાન કરશે, જે વ્યાપકપણે સૂચવવામાં આવે છે



PrEP ગોળી વપરાય છે.બીજું, ડેસ્કોવી F/TAF, નવી દૈનિક ગોળી F/TDF જેટલી અસરકારક હતી કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી હતી. F/TAF એ નાની ગોળી છે અને તેનો ઉપયોગ ઉચ્ચ આવક ધરાવતા દેશોમાં પુરુષો અને ટ્રાન્સજેન્ડર મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. પૂર્વી અને દક્ષિણ આળિકામાં, યુવા સ્ત્રીઓને એચ.આય.વી સંક્રમણનું સૌથી વધુ જોખમ છે. ઘણા કારણોસર, તેઓને દૈનિક PREP સારવાર તદ્દન પડકારરૂપ લાગે છે.ટ્રાયલ દરમિયાન લેંકાપાવીર મેળવનાર ૨૧૩૪ મહિલાઓમાંથી કોઈ પણ એચઆઈવીથી સંક્રમિત થઈ ન હતી. આ દવા ૧૦૦ ટકા અસરકારક સાબિત થઈ છે. સરખામણી કરીએ તો, ટ્રુવાડા (F/TDF) લેનાર ૧,૦૬૮ માંથી ૧૬ સ્ત્રીઓ (અથવા ૧.૫%) અને ડેસ્કોવી (F/TAF) લેનાર ૨,૧૩૬ (૧.૮%) માંથી ૩૯ એચઆઈવી વાયરસથી સંક્રમિત થઈ હતી.આ ટ્રાયલ 'ડબલ બ્લાઈન્ડ' રીતે હાથ ધરવામાં આવી હતી. આનો અર્થ એ છે કે અજમાયશ સમાપ્ત થાય ત્યાં સુધી સહભાગીઓ કે સંશોધકો બંનેને ખબર ન હતી કે તેમને કઈ સારવાર આપવામાં આવી રહી છે. તાજેતરના સ્વતંત્ર ડેટા સેફ્ટી મોનિટરિંગ બોર્ડ સમીક્ષાના પરિણામોએ ભલામણ કરી છે કે અજમાયશના 'આંધળા' તબક્કાને રોકવું જોઈએ અને તમામ સહભાગીઓને PrEP નો વિકલ્પ ઓફર કરવો જોઈએ.આ બોર્ડ નિષ્ણાતોની સ્વતંત્ર સમિતિ છે. તેઓ સલામતીની દેખરેખ રાખવા માટે ટ્રાયલ દરમિયાન સુનિશ્ચિત સમયે 'અનબ્લાઈન્ડેડ' ડેટા જુએ છે. તેઓ સુનિશ્ચિત કરે છે કે જો એક પક્ષ બીજાની તુલનામાં ગેરલાભમાં હોય તો ટ્રાયલ અટકાવવામાં આવે છે.આ સફળતા મોટી આશા જગાવે છે કે અમારી પાસે ઉઁફ થી લોકોને બચાવવા માટે અત્યંત અસરકારક નિવારણ સાધન ઉપલબ્ધ છે. ગયા વર્ષે, વૈશ્વિક સ્તરે ૧.૩ મિલિયન લોકો એચઆઈવીથી સંક્રમિત થયા હતા. જો કે, આ ૨૦૧૦ માં નોંધાયેલા ૨૦ લાખ ચેપ કરતાં ઓછું છે.'ઓપન લેબલ' તબક્કામાં આ ટ્રાયલ ચાલુ રાખવાની યોજના છે. આનો અર્થ એ છે કે અભ્યાસમાં ભાગ લેનારાઓને 'અનબ્લાઈન્ડ' રાખવામાં આવશે એટલે કે તેઓને કહેવામાં આવશે કે તેઓ 'ઈન્જેક્શન' જૂથમાં છે કે 'TDF' અથવા 'TAF' જૂથમાં છે. તેમની સમક્ષ PrEP નો વિકલ્પ પણ મૂકવામાં આવશે.

# દિલ્હીના LGએ ૫૦૦૦ શિક્ષકોની બદલીનો આદેશ પાછો ખેંચ્યો

**આતિશીએ કહ્યું- મેં વચન આપ્યું હતું...**

નવી દિલ્હી, તા.૮

શિક્ષણ મંત્રી આતિશીએ કહ્યું, '૨ જુલાઈએ ભાજપે તેના એલજી સાહેબ દ્વારા દિલ્હીની સરકારી શાળાના ૫૦૦૦ શિક્ષકોની રાતોરાત બદલી કરી દીધી. આ ટ્રાન્સફર મારા આદેશ વિરુદ્ધ કરવામાં આવી હતી. આ ૫૦૦૦ શિક્ષકોની બદલી કરવામાં આવી હતી કારણ કે આ તે શિક્ષકો છે જેમણે અરવિંદ કેજરીવાલ સરકાર સાથે છેલ્લા ૧૦ વર્ષમાં દિલ્હીની સરકારી શાળાઓને નવજીવન આપ્યું છે.દિલ્હીના શિક્ષણ મંત્રી આતિશીએ એક નિવેદન જારી કરીને કહ્યું કે 'કેજરીવાલ સરકારના જોરદાર વિરોધ બાદ આખરે BJP LGએ સરકારી શાળાઓમાં તૈનાત પાંચ હજાર શિક્ષકોની બદલીનો આદેશ પાછો ખેંચવો પડ્યો છે. તેમણે કહ્યું કે મારા આદેશ વિરુદ્ધ ૨ જુલાઈના રોજ ભાજપે પોતાના એલજી મારફત આ શિક્ષકોની બદલી કરી હતી.આતિશીએ કહ્યું, 'મેં તે સમયે દિલ્હીના લોકોને વચન આપ્યું હતું કે કેજરીવાલ સરકાર સરકારી શાળાઓને કોઈ નુકસાન નહીં થવા દે. આજે શિક્ષકો અને બાળકોના વાલીઓની લડતને સફળતા મળી છે. ભાજપને ખબર પડી ગઈ છે કે જો તે દિલ્હીની શિક્ષણ ક્રાંતિને ખતમ કરવાનો પ્રયાસ કરશે તો દિલ્હીની જનતા અને આમ આદમી પાર્ટી તેનો સખત વિરોધ કરશે. આ એ જ શિક્ષકો છે જેમણે કેજરીવાલ સરકાર સાથે મળીને સરકારી શાળાઓની કાયાપલટ કરી અને ખાનગી શાળાઓમાંથી સારા પરિણામ લાવ્યા.શિક્ષણ મંત્રી આતિશીએ કહ્યું, '૨ જુલાઈએ ભાજપે તેના એલજી સાહેબ દ્વારા દિલ્હીની સરકારી શાળાના ૫૦૦૦ શિક્ષકોની રાતોરાત બદલી કરી દીધી. આ ટ્રાન્સફર મારા આદેશ વિરુદ્ધ કરવામાં આવી હતી. આ ૫૦૦૦ શિક્ષકોની બદલી કરવામાં આવી હતી કારણ કે આ તે શિક્ષકો છે જેમણે અરવિંદ કેજરીવાલ સરકાર સાથે છેલ્લા ૧૦ વર્ષમાં દિલ્હીની સરકારી શાળાઓને નવજીવન આપ્યું છે.તેમણે કહ્યું, 'આ તે શિક્ષકો છે જેમણે ૧૦ વર્ષની મહેનતથી દિલ્હીની સરકારી શાળાઓનું પરિણામ ખાનગી શાળાઓ કરતા વધુ સારું બનાવ્યું અને સરકારી શાળાઓમાં ભણતા બાળકોને IIT અને JEEમાં પ્રવેશ અપાવ્યો. ભાજપે તે ૫૦૦૦ શિક્ષકોની રાતોરાત તેના એલજી દ્વારા બદલી કરાવી દીધી, જેઓ છેલ્લા ૧૦ વર્ષથી અરવિંદ કેજરીવાલની સરકાર સાથે સખત મહેનત કરી રહ્યા હતા.આતિશીએ કહ્યું કે જે દિવસે આ આદેશ આવ્યો તે દિવસે મેં દિલ્હીની જનતા, બાળકોના માતા-પિતા અને તમામ શિક્ષકોને વચન આપ્યું હતું કે અરવિંદ કેજરીવાલની સરકાર દિલ્હીની શાળાઓને કોઈ નુકસાન નહીં થવા દે. તેથી, અમે દિલ્હીની સરકારી શાળાઓ, તેના શિક્ષકો અને બાળકોના અધિકારો માટે લડતા રહીશું. દિલ્હીના બાળકોને સારું ભવિષ્ય આપવા માટે લડત ચાલુ રાખીશ.તેમણે કહ્યું, 'મને ખુશી છે કે આજે ભાજપ અને તેમના LGને આ ૫૦૦૦ શિક્ષકોની બદલીનો નિર્ણય પાછો ખેંચવો પડ્યો છે. આ માત્ર દિલ્હીના શિક્ષકો અને માતાપિતાની જીત નથી, આ તમામ દિલ્હીવાસીઓની જીત છે. કારણ કે આજે ભાજપને ખબર પડી ગઈ છે કે જો તેઓ દિલ્હીની સરકારી શાળાઓ સાથે છેડછાડ કરશે, દિલ્હીની શિક્ષણ ક્રાંતિને ખતમ કરવાનો પ્રયાસ કરશે તો દિલ્હીની જનતા તેનો વિરોધ કરશે, આદમી પાર્ટી તેનો વિરોધ કરશે.

# ફૂડ પેકેટ પર હવે ખાંડ, મીઠું, ચરબીની ડિટેલ મોટા અક્ષરોમાં લખવી પડશે

નવી દિલ્હી, તા.૮

ભારતમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા પર નજર રાખનારી સંસ્થા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ પેકેજ્ડ ફૂડ આઈટમ વેચતી કંપનીઓ માટે નવા દિશા નિર્દેશ જારી કરવાનો નિર્ણય કર્યો છે. FSSAI પેકેટ વાળા ખાદ્ય પદાર્થોમાં મીઠું, ખાંડ અને સેચ્યુરેટેડ ફેટ વિશે જાણકારીને બોલ્ડ અક્ષરોમાં છાપવાને જરૂરી બનાવવાની તૈયારી કરી રહ્યું છે.

૬ જુલાઈએ થયેલી બેઠકમાં FSSAI એ આ નિર્ણય લીધો છે કે પેકેજ્ડ ફૂડ આઈટમમાં હવે પોષણ સંબંધિત તમામ જાણકારી જેમ કે મીઠું-ખાંડનું પ્રમાણ વગેરેને યોગ્યરીતે લેબલ કરવું જરૂરી છે. FSSAI એ એ સ્પષ્ટ કરી દીધું છે કે પોષણ સંબંધિત જાણકારીને બોલ્ડ લેટર્સમાં છાપવાની સાથે જ હવે કંપનીઓને તેને મોટા ફોન્ટમાં પણ છાપવી પડશે. આ માટે FSSAI તરફથી ડ્રાફ્ટ નોટિફિકેશન જારી કરવામાં આવશે. મામલા પર તમામ પક્ષો તરફથી પ્રસ્તાવની મંજૂરી લેવામાં આવશે. આ મામલે ડ્રાફ્ટ નોટિફિકેશન જારી કરીને ફૂડ રેગ્યુલેટર તમામ પક્ષોથી તેમના સૂચન માગશે. તમામ સૂચનમાંથી અમુકને તેમાં સામેલ કરવામાં આવશે. તે બાદ નોટિફિકેશન જારી કરીને તેને કાયદો બનાવી દેવામાં આવશે. FSSAI એ પોતાની ૪૪મી મીટિંગમાં ચેરમેન અપૂર્વ ચંદ્રાની હાજરીમાં આ નિર્ણય લીધો છે.

FSSAIએ નિવેદન આપતાં કહ્યું કે નિયમોમાં ફેરફાર ગ્રાહકોના હિતને જોતાં કરવામાં આવી રહ્યો છે. તેનાથી ગ્રાહકોને કોઈ પણ પ્રોડક્ટ ની ન્યૂટ્રિશનલ વેલ્યૂને સમજવામાં મદદ મળશે. તે સમજી શકશે કે તેમને તે પ્રોડક્ટ ખરીદવી છે કે નહીં. આ સાથે જ તેનાથી ખાણી-પીણીની સાથે જોડાયેલી બીમારીઓને રોકવામાં પણ મદદ મળશે. ઉલ્લેખનીય છે કે છેલ્લા થોડા મહિના પેકેજ્ડ ફૂડ આઈટમ્સમાં મીઠું અને ખાંડના પ્રમાણને લઈને વિવાદ ચાલી રહ્યો છે. લાંબા સમયથી આ માગ કરવામાં આવી રહી હતી કે કંપનીઓ ખાંડ, મીઠું અને ટ્રાન્સ ફેટ જેવી જરૂરી જાણકારીઓને બોલ્ડ અક્ષરોમાં પેકેજ્ડ ફૂડ આઈટમ પર નોંધે.

## સંક્ષિપ્ત સમાચાર

# કચ્છ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા રોજગાર દિવસ ઉજવાયો



ભૂજ તા.૮
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી કચ્છ અને મનરેગા શાખા દ્વારા રોજગાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાની ૬૩ ગ્રામ પંચાયત ખાતે મનરેગા શાખા દ્વારા કરાયેલ રોજગાર દિવસની ઉજવણીમાં ગ્રામજનોને મનરેગા યોજનાની માહિતી નવા જોબકાર્ડ, નવા વ્યક્તિગત કામોની માહિતી તથા ગામોમાં કરવાના થતાં સામૂહિક કામોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક તથા મનરેગા શાખાના ડી.ડી.પી.સી, તલાટીઓ, સરપંચો, રોજગાર સેવક તેમજ ગ્રામજનોએ આ ઉજવણીમાં ભાગ લીધો હતો.

# નિરોણા હાઈસ્કૂલમાં વિવિધ સંસ્થાઓના ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ



ભુજ તા.૮
સારસ્વતમ્ સંચાલિત પી.એ. હાઈસ્કૂલ, નિરોણા મધ્યે એન.એસ.એસ, ઈકો ક્લબ તથા એસ.પી.સી.ના સંયુક્ત ઉપક્રમે, મારી શાળા, હરિયાળી શાળા યોજના અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પુંજાભાઈ આણંદજી હાઈસ્કૂલના પ્રાંગણમાં વર્ષા ઋતુના પ્રારંભે 'પ્રદુષણનું પતન કરો-વૃક્ષોનું જતન કરો, સંદેશ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં આચાર્ય ડૉ. વી.એમ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. ઓફીસર રમેશ ડાભી તેમજ ઈકો ક્લબ અને એસ.પી.સી. ઓફીસર અલ્પેશ જાનીના સંકલનથી ત્રણે ટીમના સ્વયંસેવકોના સંયુક્ત પ્રયાસથી શાળાના પ્રાંગણમાં અલગ અલગ પ્રકારના છોડવાઓનું વાવેતર કરવામાં આવ્યું હતુ. સાથે સાથે સ્વયંસેવકોએ કયારા બનાવી દરરોજ છોડવાઓને પાણી આપી જતન કરવાનો સંકલ્પ પણ કર્યો હતો. "એક બાળ એક છોડ", ના સૂત્ર સાથે દરેક વિધાર્થીઓએ જીવનમાં કમસેકમ એક વૃક્ષ વાવી ઉછેરવાનો સંકલ્પ લીધો હતો.

# માનાણીવાંઢમાં વૃક્ષારોપણ અને નવા કાયદા અંગે પોલીસ દ્વારા કાર્યક્રમ યોજાયો



રાપર તા.૮
જિલ્લાના પોલીસ વડાઓના માર્ગદર્શન હેઠળ તાલુકાના સરહદી બાલાસર પોલીસ સ્ટેશન વિસ્તારના માનાણીવાંઢ ગામની પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ તથા નવા કાયદા અંગે જાગૃતતા અભિયાન અંગેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આયોજિત કાર્યક્રમમાં માનાણીવાંઢના ગામલોકો, શાળાના શિક્ષકો, પીએસઆઈ એસ.વી ચૌધરી, રવજી ચૌધરી, દશરથ ચૌધરી તથા પોલીસ સ્ટાફે હાજર રહી, ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, અને ભારતીય સાક્ષ્ય અધિનિયમની વિવિધ નવી જોગવાઈઓ થી લોકોને માહિતગાર કરી માર્ગદર્શન અપાયું હતું. આ ઉપરાંત સાયબર ક્રાઈમ અવેરનેસ, હેલ્પલાઈન નંબર ૧૯૩૦, ટ્રાફીક અવેરનેસ, નાર્કોટિક્સ ડ્રગ્સ હેલ્પલાઈન નંબર ૧૯૦૮ અંગેની લોકોને જાણકારી સાથે, બાળકોને ટ્રાફિકના નિયમોની જાણકારી આપી હતી, કાર્યક્રમમાં પથાભાઈ રજપુત, માયાભાઈ ધેયડા, ઉદાભાઈ પરમાર, વજાભાઈ રાજપુત, શીદાભાઈ રાજપુત વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વ્રજવાણી ખાતે ક્લસ્ટર કક્ષાનો રમતોત્સવ યોજાયો



રાપર તા.૮
તાલુકામાં શાળા પ્રવેશોત્સવ અંતર્ગત આણંદપર સીઆરસી ક્લસ્ટર દ્વારા ઈન્ચાર્જ તા. પ્રા. શિક્ષણાધિકારી આ-બાભાઈ મકવાણા, તાલુ-કા પ્રાથમિક શિક્ષક સંઘ પ્રમુખ અરજણ ડાંગર, મહામંત્રી મહાદેવ કાગ, રાપર બીઆરસી અશોક ચૌધરી, સીઆરસી વાલાભાઈ આહીર, રોહિતભાઈ, દિનેશભાઈ અને ક્લસ્ટરના શાળા આચાર્ય તથા શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતીમાં દિપ પ્રાગટય કરી કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવી હતી, સંગીત ખુરશી, કોથળા દોડ, લિંબુ ચમચી, સિક્કા શોધ, ૧૦૦/૨૦૦ મીટર દોડ, રસ્સાખેંચ જેવી અનેક રમતો રમાડવામાં આવી હતી.
પ્રથમ ત્રણ ક્રમાંકે વિજેતાઓને વાલાભાઈ દ્વારા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામા આવ્યા હતા, આ કાર્યક્રમમાં ૨૦૮ બાળકો એ ભાગ લીધો હતો, 'રમશે ગુજરાત ખેલશે ગુજરાત'ના સૂત્ર ને સાર્થક કરતા બાળકમાં રહેલી શુષુપ્ત શક્તિને ઉજાગર કરવાના હેતુ આયોજીત રમતોત્સવમાં ૭૦૦ જેટલા વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા.
આયોજન અને જણમવારના દાતા વાલાભાઈ આહીર અને વિરમભાઈ (વિસાસરવાંઢ) રહ્યા હતા, કાર્યક્રમનું સંચાલન અમુલખદાન ચારણે કર્યુ હતું.

# ભુજની મહિલા સત્સંગ મહિલા મંડળ દ્વારા ગુપ્ત અષાઢી નવરાત્રી ગૌ સેવા કરાઈ



ભુજ તા.૮
'નારી તું નારાયણજી' સુત્રને સાર્થક કરી બતાવતી સિનિયર સિટીઝન નારીઓએ ગુપ્ત નવરાત્રીએ ગૌ આરાધના ભક્તિ કરી હતી.
દાતા ગોપનાથ મહાદેવ મંદિર નવી રાવલવાડી રીલોકેશન સાઈડ સિનીયર સિટીઝન મહિલા સત્સંગ મંડળ અને ભુજ નવી જથ્થાબંધ શરાફ બજાર ગૌ સેવા સમિતિના દ્વારા ગુપ્ત અષાઢી નવરાત્રી ગૌ આરાધના ભક્તિ નિમિત્તે તથા કચ્છી નૂતન વર્ષ "અષાઢી બીજ" ની પૂર્વ સંધ્યાએ અબડાસા તાલુકાના ગામ રાતાતળાવ સ્થિત પાંજરાપોળ ખાતે બે મોટા ટેમ્પા લીલા ઘાસચારાનું ગૌ નિરણ અર્થે આર્થિક અનુદાન અર્પણ કર્યું હતું, જે આ સિનિયર સિટીઝન મહિલા સત્સંગ મંડળની સદસ્ય બહેનોએ પોતપોતાની પોકેટ મનીની બચત કરી, શનિવાર તા.૦૬ ના રોજ સવારે ૯,૦૦૦ કિલો લીલા ઘાસચારાનું ગૌ નિરણ કાર્ય મહિલા મંડળના સભ્યો અને સ્થાનિક ગૌપાલકોના સહકારથી સંપન્ન કર્યું હતું, એવું ભુજ નવી જથ્થાબંધ શરાફ બજાર ગૌ સેવા સમિતિના અધ્યક્ષ સચીન ગણાત્રા તથા સમિતિના મિડિયા કન્વીનર પંકજકુમાર વ્યાસની યાદીમાં જણાવાયું હતું

# અંજાર કસ્તુરબા ગાંધી કન્યા વિદ્યાલયમાં ટ્રાફિક અવરનેશ સેમિનાર યોજાયો



અંજાર તા.૮
પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ અહીંની કસ્તુરબા ગાંધી કન્યા વિદ્યાલય મધ્યે ટ્રાફિક અવરનેશ સેમિનાર યોજવામાં આવ્યો હતો, જેમાં જિલ્લા ટ્રાફિકના પોલીસ સબ ઈન્સ્પેટર, એ.એન.ગોહિલ અને જિલ્લા ટ્રાફિકની ટીમ તેમજ અંજાર પો.સ્ટે.ના રાજલ ગઢવી, હોસ્ટેલના ગૃહમાતા વગેરેએ ધો.૧૦,૧૧ તેમજ ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને ટ્રાફિક અંગેની માહિતી અને માર્ગદર્શન, નવા કાયદા અંગે પીએસઆઈ એ.એન.ગોહિલ, ધર્મેન્દ્રસિંહ જાડેજા અને રાજલ ગઢવીએ સમજ આપી હતી.

# કચ્છી નવું વર્ષ સેવા કાર્યો સાથે ઉજવાયુ

ભુજ તા.૮
કચ્છી નવું વર્ષ એટલે કે અષાઢી બીજની અલગ- અલગ ઝૂંપડપટ્ટીઓમાં ઉજવવામાં આવી હતી શહેરની સત્યમ સંસ્થા અને તાનારીની મહિલા મંડળના ઉપક્રમે વિવિધ સેવા કાર્ય કરવામાં આવ્યા હતા.
જેમાં ટિફિન, ભોજન, બાળકોને અલ્પાહાર વરસાદને ધ્યાને લઈને છત્રીઓનો વિતરણ જીવદયા પ્રવુતિ અને જરૂરીયાત મંદ છાત્રો ને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.
તો ગાયોને ઘાસચારો, પંખીને ચણ, અને શ્વાનોને બિસ્કીટ, આપી જીવદયા પ્રવૃતિ કરાઈ હતી જરૂરીયાત મંદોને ત્યાં ટિફિન પહોંચતા કરવામાં આવ્યા હતા ઉજવણીમાં સત્યમ સંસ્થાના અધ્યક્ષ દર્શક અંતાણી, નર્મદા ગામોટ, અંકિતા ધોકાઈ, મનજી ગામોટ, નરેન્દ્ર સ્વાદિયા, જોડાયા હતા કચ્છ અને કચ્છ બહાર વસ્તા દાતાઓની મદદથી અનેક કાર્યો કરાયા હતા

# કેરા કુમાર શાળાના બાળકો એ લોકશાહીના પાઠ શીખ્યા



ભુજ તા.૮
બાળકો વિદ્યાર્થીકાળથી જ લોકશાહી પ્રણાલીથી અવગત થાય અને ચુંટણીની પ્રક્રિયા સમજે તે હેતુથી ભુજ તાલુકાની કેરા કુમાર શાળા ખાતે ધોરણ ૬ થી ૮ નાં વિદ્યાર્થીઓ માટે ૨૦૨૪-૨૫ના વર્ષની બાળ સંસદની રચના કરવામાં આવી હતી .મુખ્ય શિક્ષક શ્યામકુમાર મહેતાએ વિદ્યાર્થીઓને લોકશાહીનું મહત્વ અને સમગ્ર ચુંટણી પ્રક્રિયા અંગે વિસ્તૃત સમજ આપી હતી જયારે શિક્ષકો અમિતકુમાર વૈષ્ણવ ,આશા ઉપાધ્યાય અને હેમાલી સોલંકી દ્વારા મતદાન પ્રક્રિયાનું આયોજન કરાયું હતું અને મતદાન કઈ રીતે કરવું અને મતદાન કરતી વખતે કઈ બાબતોનું ધ્યાન રાખવું તેની સમજ અપાઈ હતી કુલ પાંચ ઉમેદવારોની ઉમેદવારી આ ચુંટણીમાં માન્ય રહી હતી મત ગણતરીના અંતે મહામંત્રી તરીકે સમા હસનઅલી અસલમ અને ઉપ મહામંત્રી તરીકે ગજકંધ ભવ્ય પરેશ વિજેતા બન્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે જહેમત ઉઠાવી હતી

# અષાઢી બીજ નિમિતે રાપરમાં મેઘવાળ સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું





## સંતો, સાંસદ, ધારાસભ્ય, અને વિવિધ ક્ષેત્રના મોવડીઓ શોભાયાત્રામાં જોડાયા

રાપર તા.૮
કચ્છી નવા વર્ષ, અષાઢી બીજ નિમિત્તે રથયાત્રાનું અત્રે સમસ્ત મેઘવાળ સમાજ દ્વારા સાંસદ, ધારાસભ્ય અને સંતોની વિશેષ ઉપસ્થિતીમાં આયોજન કરવામાં આવ્યું હતું.
રાપર દરીયાસ્થાન મંદિરેથી પ્રસ્થાન થયેલ શોભાયાત્રામાં ત્રિકમ સાહેબ સ્થાનના મહંત આત્મહંસ બાપુ, સાધ્વી રાજેશ્વરી ગુરુ દેવુમા, સાંસદ વિનોદ ચાવડા ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, તાલુકા પંચાયત પ્રમુખ કેસરબેન બગડા, સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ કિશોર મહેશ્વરી, કૌશિક બગડા, પ્રદિપ સિંહ સોઢા, મુળજી પરમાર, બાબુભાઈ મુછડીયા, આંબાભાઈ મકવાણા, ઉકાભાઈ પરમાર, રમેશ વાયરીયા, વિજય ચૌહાણ પાંચાભાઈ ગોહિલ, રામજી મુછડીયા, હિરાભાઈ સોલંકી, આંબાભાઈ રાઠોડ, માયાભાઈ ઘેયડા, આંબાભાઈ મુછડીયા, રાજેન્દ્ર વાઘેલા વિગેરે જોડાયા હતા. શોભાયાત્રામાં કળશધારી બહેનો, બાલિકાઓ શણગારેલા રથ અને બેન્ડ પાર્ટીના સુરો સાથે માલી ચોક, એસ.ટી રોડ, દેના બેંક ચોક થઈ નાગેશ્વર મંદિર રસ્તે ત્રિકમ સાહેબ ગંગાઘાટ વિરડે પહોંચી હતી જયાં ધાર્મિક કાર્યક્રમો તથા સંતવાણીનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં મહાપ્રસાદના દાતા ચંદુભાઈ કરશન સોલંકી (દુધરેજ), અન્ય દાતાઓ બાબુભાઈ દુદાભાઈ મુછડીયા, રમેશ રતાભાઈ વારયરીયા, કરશન ગણેશ વાઘેલા, અમરા મેઘાભાઈ રાઠોડ, અખાભાઈ ગોહિલ, મુળજી રામજી પરમાર, નાગજી બીજલ ઘેયડા, વિજય લખમણ પરમાર વિગેરે રહ્યા હતા, કાર્યક્રમનું આયોજન સંતો મહંતોના આશિર્વાદ સાથે કરાયું હતું, રાપર પીઆઈ જે બી. બુબડીયા સહિતના પોલીસ કર્મીઓએ બંદોબસ્ત જાળવ્યો હતો.

# કચ્છી માડુઓની વિશેષતા એ છે કે, તેઓ પોતાના વતનને ક્યારેય નથી ભુલતા

**વ્યસનમુક્તિ અભિયાનના પ્રણેતા નરેશમુનિ અને ઓજસમુનિનો માંડવી તાલુકાના માપર ગામે ચાર્તુમાસ પ્રવેશ**







માંડવી તા.૮
કચ્છ આઠકોટી મોટીપક્ષ સ્થાનકવાસી જૈન સંપ્રદાયના ગુરૂવર્ય ધીરજલાલ સ્વામીના શિષ્યરત્ન અને વ્યસનમુક્તિ અભિયાનના પ્રણેતા નરેશમુનિ ''આનંદ'' મ.સા.અને તેમના શિષ્યરત્ન ઓજસમુનિ "મગંલ"મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ ગઈ કાલ રવિવારે રંગેચંગે સંપન્ન થયો હતો.
માપર જૈન સંઘના ઉપક્રમે સવારના ૯ વાગ્યે ભવ્યાતિભવ્ય સામૈયું કરવામાં આવેલ હતું, આ પ્રવેશ પ્રસંગે મુંબઈથી ૧૦૦ જેટલા ભાવિકો પોતાના માદરે વતન માપર ગામે આવેલ હતા, આ ઉપરાંત ભોજાય, નાના ભાડીયા, ઝરપરા, કાંડાગરા, બાડા, ડુમરા અને લઠેડીના પણ ભાવિકો ચાતુર્માસ પ્રવેશ પ્રસુંગે ઉપસ્થિત રહ્યા હતા. ભાવિકોને સંબોધતા નરેશમુનિ મ.સા. એ જણાવ્યું હતું કે, કચ્છી માડુની વિશેષતા અને લાક્ષણિકતા એ છે કે, તેઓ પોતાન વતનને ક્યારે પણ નથી ભુલતા. અષાઢીબીજની શુભેચ્છા પાઠવી તેમણે જણાવ્યું હતું કે, કચ્છી માડુ આદર્શ રૂપ છે, તેમણે આ પ્રસંગે ભાવિકોને વ્યસનમુક્ત બનવા અપીલ કરી હતી.
ઓજસમુનિ મ.સા.એ પણ પર્યુષણ દરમ્યાન યથાશક્તિ ધર્મ આરાધના કરવા જણાવ્યું હતું, અર્ચનાબાઈ મહાસતી આદિ ઠાણા-૪એ મંગલા ચરણ ફરમાવેલ હતું, જ્યારે સ્વાગત ગીત માપરના મહિલા મંડળે રજુ કર્યું હતું. સંઘના પ્રમુખ મનિષ જાગાણીએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકારીને, નરેશમુનિ અને ઓજસમુનિ મ.સા.ના ચાતુર્માસનો લાભ મળવા બદલ રાજીપો વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે વિપાક સુત્રના ચડાવાનો લાભ લક્ષ્મીબેન આસુભાઈ જાગાણી પરિવારે, જંબુસ્વામી ચરિત્રના ચડાવાનો લાભ આદિ, ડોલી, વિકી ગોગરી, શોભનાબેન કાંતીલાલ જાગાણી પરિવારે, ભક્તામર કળશ સ્થાપના ચડાવાનો લાભ પ્રવિણાબેન અમૃતભાઈ ગડા પરિવારે અને ગુરૂદેવને કામળી વહોરાવનો લાભ માતૃશ્રી લક્ષ્મીબેન જેઠાલાલ દેઢિયા, પ્રેમજીભાઈ દેઢીયા પરિવારે જ્યારે ગુરુપૂજનનો લાભ મુખ્ય સંઘપતી પરિવાર હીરબાઈ કલ્યાણજી ગડા, ગુણવંતીબેન નાનજી ગડા, હેતલ ભાવેશ ગડાએ લીધો હોવાનું વ્યસનમુક્તિ અભિયાનના મોભી ઈશ્વર દેશાઈ, પ્રમુખ ડો.દિનેશ જોષી, ઉપપ્રમુખ જયેશ શાહ અને મંત્રી-ખજાનચી દિનેશ શાહે જણાવ્યું હતું.
આવતા ૨૦૨૫ના વર્ષના ચાતુર્માસ માટે ભોજાયના સંઘવતી પ્રમુખ પોપટલાલ મોરારજી ગાલાએ વિનંતી કરી હતી, ઝરપરાના લોક સાહિત્યકાર આશાનંદ ગઢવી, નાના ભાડીયાના ટ્રસ્ટી મંજુલાબેન ગાલા અક્ષિતાબાઈ મહાસતી આદિઠાણાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

# કુકમામાં ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અંગે નિશુલ્ક પ્રશિક્ષણ વર્ગ યોજાશે

ભુજ તા.૮
આજે જ્યારે રાસાયણિક ખાતરથી જમીન ખરાબ થઈ રહી છે અને માનવીઓ બીમારીનો ભોગ બની રહ્યા છે, ત્યારે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી શા માટે આજના સમયની માંગ છે તે અંગેનો એક નિશુલ્ક પ્રશિક્ષણ વર્ગનું કુકમા સ્થિત શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા આગામી તા.૧૨ થી ૧૪ જુલાઈ દરમ્યાન સુધી આયોજન કરવામાં આવ્યું છે.
સંસ્થા દ્વારા શિબિરમાં વિભાવના, જમીન સુપોષણ, જંતુરોધકો બનાવવા ખેડ, વિખેડ, પાણી, બીજ, ખેતનોંધ, મૂલ્ય વર્ધન, માર્કેટિંગ, ઔષધીય વાવેતર, ગાયનું સર્વાંગીણ મહત્વ વિગેરે મુદાઓ અંગે માર્ગદર્શન વિવિધ તજજ્ઞો દ્વારા પૂરું પાડવામાં આવશે. ભાગ લેવા ઈચ્છકોએ તા.૧૨ મીના સવારે ૯:૩૦ કલાકે ચિંતન સાધના સ્થળ, શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ્ કુકમા ખાતે પહોંચવાનું રહેશે. શિબિરમાં ભાગ લેવા માટે મો. ૯૪૨૬૫ ૮૨૮૧૦ પર અગાઉથી નામ અવશ્ય નોંધવવાનું રહેશે.

# પુનરાજપર માઈન્સ ચાલુ કરવાની કામગીરી સરકાર અને પર્યાવરણ વિભાગની મંજૂરી વિના જ ચાલે છે ?

## જી.એમ.ડી.સી માઈન્સ ચાલુ કરે તે પહેલાં સ્થાનિક ખેડૂતોના અને લોકોના પ્રશ્નો ઉકેલે તેવી માંગ ઉઠી

ભુજ તા.૮
લખપત તાલુકાના પુનરાજપર મા જી.એમ.ડી.સી.ની માઈન્સ ચાલુ કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે, ત્યારે પહેલાં ખેડુત માલધારી, રોજગાર અને પ્રમોલગેશનના પ્રશ્નો હલ કરવા માંગ ઉઠી છે. લખપત તાલુકા રાજપુત સમાજના પ્રમુખ અને પુનરાજપુર જુથ ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ જેતમાલજી જાડેજાએ જિલ્લા કલેક્ટરને રજુઆત કરતા પત્રમાં જણાવ્યું હતું કે, જી.એમ.ડી.સી પુનરાજપરની માઈન્સ ચાલુ કરવાની કામગીરી હાથ ધરવામા આવી છે, જેમાં પર્યાવરણ અને સરકારની મંજુરી બાકી છે, પરંતુ સબંધિત નિગમ દ્વારા કોઈ પણ ગામજનોને જાણ કર્યા વિના અને મંજુરી વગર કામ ચાલુ કરી દેવામા આવ્યુ છે. આથી ખેડુતોના પ્રશ્નો જેવા કે, સરકારની જોગવાઈ મુજબ ખેડુતોને એકરના નીમ થયેલ ભાવ મળે, અને અંદાજીત ૫ થી ૧૦ એકર પાછળ જી.એમ.ડી.સી. દ્વારા એક માણસને કાયમી ધોરણે રાખવામાં આવે તથા ગામમાં અંદાજીત ૨૫૦૦ જેટલું પશુધન છે એના માટે ગૌચર જમીન અનામત રાખવામા આવે. વિશેષમાં પુનરાજપર ગામનું પ્રમોલગેશન ન થાય ત્યાં સુધી કોઈ આગળની કામગીરી જી.એમ.ડી.સી. કરવામાં ના આવે, તેમજ આરોગ્ય, શિક્ષણ અને પાણી ઉપરોકત પ્રશ્નોએ લોકોને લેખીતમાં ખાત્રી આપવામાં આવે. આ દર્શાવેલ પ્રશ્નો મુજબ કોઈ યોગ્ય નિરાકરણ નહીં આવે તો પુનરાજપર ગામ વતી ખેડુતો દ્વારા ગુજરાત અને કેન્દ્ર સરકાર અને મુખ્ય ન્યાયાલય હાઈકોર્ટમાં રજુઆત કરવામાં આવશે તેવી સ્પષ્ટ ચીમકી સાથે જિલ્લા કલેક્ટરને ઉપરોકત પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવે તેવી અપીલ પત્ર પાઠવી કરવામાં આવી છે. કચ્છના સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજા સહિત સંબંધિત અધિકારીને પણ પત્રની નકલ પાઠવી આ રજૂઆત પરત્વે ઘટતું કરવા અનુરોધ કરાયો છે.

# ગેરરીતી સબબ કંડલાની વ્યાજબી ભાવની દુકાનને દંડ તથા પરવાનો મોકુફ

ભુજ તા.૮
ગાંધીધામ તાલુકાના કંડલા મધ્યે આવેલ "અંબાજી કન્ઝ્યુમર કો-ઓપરેટીવ સોસાયટી અને સ્વ-સહાય જુથ"ની વ્યાજબી ભાવની દુકાનનું સંચાલન કરતા સંચાલક કિશોરસિંહ ભરતસિંહ જાડેજાની દુકાનની આકસ્મીક મુલાકાત લઈ તપાસણી હાથ ધરવામાં આવતા ગંભીર ક્ષતિઓ જણાઈ આવી હતી. જિલ્લા પુરવઠા અધિકારી એ.એસ. હાશ્મી દ્વારા સદરહુ દુકાનનો પરવાનો ૯૦ દિવસ માટે મોકૂફ રાખવામાં આવ્યો હતો, તેમજ રૂા. ૫૦૦૦ ડિપોઝીટ રાજયસાત કરી, રૂા. ૭૮,૯૧૬નો દંડ કરવામાં આવ્યો હોવાનું પુરવઠા શાખા, ભુજની યાદીમાં જણાવાયું હતું. તાજેતરમાં કચ્છમા અનેક જગ્યાએ વહીવટી તંત્ર દ્વારા આવુ ચેકીંગ હાથ ધરી દંડ તથા પરવાના રદ કરવા સહિતની કાર્યવાહી કરી રહી છે.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

આજે વિડિઓ ગેમ દિવસ

# ૧૯૯૧ માં પ્રથમવાર તેની ઉજવણી થયાનુ મનાય છે





જાણ્યું અજાણ્યું
ડો.મિહિર એમ.વોરા

૮ જુલાઈ ના વિડિઓ ગેમ દિવસ ઉજવાય છે છેલ્લા ૫૦ વર્ષોમાં, વિડિયો ગેમે સંસ્કૃતિમાં તેનું સ્થાન લીધું છે અને તે ન્યુક્લિયસ પણ બની ગઈ છે જેની આસપાસ તેની પોતાની વર્ચ્યુઅલ ઉપ સંસ્કૃતિ રચાઈ છે. વિડીયો ગેમ્સના સ્થળો અને અવાજો કેટલાકમાં નોસ્ટાલ્જીયાની અલગ લાગણી પેદા કરી શકે છે અથવા અન્ય લોકો માટે સાહસની રોમાંચક ભાવના પેદા કરી શકે છે.ભૂતકાળ કે ભવિષ્ય તરફ જોતા હોય, રાષ્ટ્રીય વિડિયો ગેમ ડે કોઈપણ અને વિડિયો ગેમ્સને પસંદ કરતા દરેક વ્યક્તિ માટે આ દિવસની ઉજવણી કરવાની તક પૂરી પાડે છે! ૧૯૫૮ માં, એક પિંગ-પોંગ જેવી રમત, જેને ટેનિસ ફોર ટુ કહેવામાં આવે છે. વિલિયમ હિગિનબોથમ દ્વારા બનાવવામાં આવેલ, આ ગેમ ન્યૂ યોર્કની એક સંશોધન સંસ્થા, બ્રુકહેવન નેશનલ લેબોરેટરીમાં મોટા એનાલોગ કમ્પ્યુટર પર ડેબ્યુ કરવામાં આવી હતી. ૧૯૭૦ ના દાયકા સુધીમાં, ઓડિસી અને અટારી વિડિયો ગેમ હોમ કન્સોલ જોયસ્ટિક્સ અને મલ્ટી-કાર્ટ્રિજ ગેમ્સ જેવી નવી ટેકનોલોજી સાથે બજારમાં આવ્યા. ૧૯૮૦ ના દાયકાએ પેક-મેન, સુપર મારિયો બ્રધર્સ, ટેટ્રિસ અને સિમસિટી જેવી વધુ રસપ્રદ વિડિયો ગેમ્સ લાવ્યાં, જેમાંથી મોટાભાગની આજે પણ સફળ ફ્રેન્ચાઇઝી છે.જ્યારે એંસીના દાયકાના મધ્યમાં વિડિયો ગેમ્સમાં થોડી મંદી આવી હતી, અને તે સમય દરમિયાન ઘણી હોમ કોમ્પ્યુટર અને વિડિયો ગેમ કન્સોલ કંપનીઓ નાદાર પણ થઈ ગઈ હતી, ત્યારે ઉદ્યોગ પહેલા કરતા વધુ મજબૂત બનશે.લગભગ ૧૦૦ વર્ષ જૂની જાપાનીઝ ગેમ કંપની દ્વારા નિન્ટેન્ડો એન્ટર ટેઈનમેન્ટ સિસ્ટમના આગમનથી તૃતીય-પક્ષની રમતો પર નિયમો લાદીને સસ્તી, નબળી રીતે બનાવેલી રમતોનું નિર્માણ અટકાવ્યું. આનાથી વિડીયો ગેમ ઉદ્યોગની અખંડિતતા ફરી પાછી આવી .થોડા વર્ષો પછી, ૧૯૮૯ માં, નિન્ટેન્ડોએ તેના હેન્ડહેલ્ડ ઉપકરણો રજૂ કર્યા. ગેમ બોય, ગેમ બોય કલર, નિન્ટેન્ડો ડીએસ અને નિન્ટેન્ડો 3Dજી એ ૨૦૦૦ ના દાયકાની શરૂઆતમાં વિડિયો ગેમ ઉદ્યોગમાં ક્રાંતિ કરવાનું ચાલુ રાખ્યું.૧૯૮૦ દાયકાની શરૂઆતમાં, વિડિયો ગેમ ડેએ દેખાવ કરવાનું શરૂ કર્યું. પ્રથમ રેકોર્ડ થયેલ ઉજવણી ૧૯૯૧ માં થઈ હોય તેવું લાગે છે અને ડેવિડ અર્લ નામના વ્યક્તિ દ્વારા પ્રાયોજિત કરવામાં આવી શકે છે, જે ૧૯૯૦ ના દાયકાની શરૂઆતમાં કિડ વિડ વોરિયર્સના પ્રમુખ હતા, બીજી વાર્તા એ છે કે નેશનલ વિડિયો ગેમ ડેની ઉત્પત્તિ કદાચ વિડીયો ગેમ હિસ્ટ્રી ફાઉન્ડેશનના કર્મચારી પાસેથી આવી હોય.જે આ એક બિન-લાભકારી સંસ્થા છે જેણે વિડિઓ ગેમ્સના અનોખા ઈતિહાસની જાળવણી, ઉજવણી અને શિક્ષણ માટે પોતાને સમર્પિત કર્યું છે.પરંતુ તેની શરૂઆત કેવી રીતે થઈ તે કોઈ વાંધો નથી, રાષ્ટ્રીય વિડિયો ગેમ ડે એ ચોક્કસપણે સમગ્ર વિશ્વમાં વિડિયો ગેમ પ્રેમીઓના હૃદય અને જીવનમાં પ્રવેશ કર્યો છે! આજે ભારત સહિતના દેશમા વધેલા ગેમના ચલણને કારણે યુવાનો તેમાં ધણો સમયની બરબાદી કરી રહ્યા છે. મનોરંજન માટે બનેલી ગેમ તાજેતરમાં વાલીઓ માટે ચિંતાનો વિષય બની છે. થોડા સમય પહેલાજ બહુ ચર્ચામાં આવેલી ગેમો યુવાનોના આપધાત માટે નિમીત બની હોવા સહિતના ગંભીર બનાવો પણ સામે આવ્યા હતા. જો કે નિર્દોષ રીતે રમાતી ગેમો પણ છે જેની ઉજવણી કરવા માટેનો આજનો દિવસ છે.

# ભુજમાં એક ઇંચમા શહેર પાણી-પાણી નખત્રાણા-ભચાઉમાં ઝાપટાં

**ભુજ સહિત આસપાસના ગામોમાં સારા વરસાદથી લોકોને ગરમીથી થોડી રાહત મળી જો કે સામખીયાળીમાં વિજશોક લાગતા પશુઓના મોત થયા હતા તો થોડા વરસાદમાંજ ભુજ સહિતના ગ્રામ્ય વિસ્તારમાં પાણી ભરાતા લોકો માટે મુશ્કેલી સર્જાઈ હતી.**





ભુજ તા.૮

સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર તળે કચ્છમાં પણ હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. કચ્છીઓના નવા વર્ષ અષાઢીબીજના મેઘ પધરામણી ન થતા લોકો નિરાશ થયા હતા જો કે આજે વરસાદે ભુજ, નખત્રાણા અને ભચાઉ તાલુકામાં હળવાથી ભારે વરસાદ પડતા લોકોમા ખુશી ફેલાઇ હતી ભારે બફારા વચ્ચે બપોરે વાતાવરમ પલ્ટાયુ હતુ અને જેમાં મુન્દ્રા, નખત્રાણા, ભચાઉના ગ્રામ્ય વિસ્તાર સહિત છુટોછવાયો વરસાદ પડ્યો હતો તો બપોરે એક કલાકમા ભુજમા એક ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો. સામખીયાળીમાં વીજશોક લાગવાથી આંખલાઓના કરુણ મૃત્યુ થતા અરેરાટી ફેલાઇ હતી તો ભુજમાં થોડા વરસાદમાં જ પાણી ભરાઇ જવાની કાયમી સમસ્યાને કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ભુજના વાણીયાવાડ, બસ સ્ટેશન, નગરપાલિકા રોડ સહિત જ્યા થોડા વરસાદમાં પાણી ભરાય જાય છે ત્યા એક ઇંચ વરસાદમાં ધુટણ સમા પાણી ભરાઇ ગયા હતા જેને કારણે વાહનચાલકો મુશ્કેલીમા મુકાયા હતા તો વરસાદી પાણી ભરાઇ જવાથી શહેરની પ્રિ-મોન્સુન કામગીરી સામે પણ અનેક સવાલો ઉભા થયા હતા તો થોડા વરસાદ બાદ લાઇટ જવાની સમસ્યા આ વખતે પણ નિયમ મુજબ સર્જાઇ હતી અને શહેરના કેટલાક વિસ્તારોમાં થોડા સમય માટે લાઇટ ગુલ થતા લોકો અકડાયા હતા.

## : કુકમામાં ધમાકેદાર વરસાદ :



બપોરે ત્રણેક વાગ્યાથી પોણો કલાક એકાદ ઈંચ જેવો એક ધારો વરસાદ વરસી જતાં રસ્તાઓ પર પાણી વહી નિકળ્યા હતા, જોકે મુખ્ય ગામની ઢાળ વાળી રચનાને કારણે ગામ અંદર ક્યાંય પાણી ભરાયા નથી, પરંતુ બસ સ્ટેશનથી ભુજ તરફ જતા રોડની એક સાઈડ નાના તળાવની જેમ પાણી ભરાઈ ગયા હતા, જ્યાં બે ખાનગી દવાખાના અને દુકાનો આવેલ છે. થોડા વરસાદમાંજ કુકમા શહેરની આસપાસ પાણી ભરાઇ જાય છે જેને કારણે મુશ્કેલી સર્જાય છે.

# મેડીકલ કોલેજમાં ઝીંકાયેલો જંગી ફી વધારો સરકારની જાહેરાતથી તદ્દન વિપરીત: શક્તિસિંહ

**એક સાથે મેડીકલની ફીમાં ૬૭ થી ૮૮% સુધીના વધારાને કારણે વાલી-વિદ્યાર્થીઓ મોટી આર્થિક ચિંતામાં મુકાઈ ગયા સોસાયટીની કોલેજોમાં જે રીતે રાજ્ય સરકારે ફીનો તોતીંગ વધારો કર્યો છે રાજ્યની ૧૩ મેડીકલ કોલેજમાં કરવામાં આવેલો તોતીંગ ફી વધારો સત્વરે પાછો ખેંચવામાં આવે તેવી માંગ**

માંડવી તા.૮

GMERS સોસાયટી તબીબી સ્નાતક અભ્યાસક્રમ વર્ષ ૨૦૨૪-૨૫માં કરવામાં આવેલ તોતીંગ ફી વધારો પરત ખેંચવા બાબત રાજ્યના મુખ્યમંત્રી અને આરોગ્યમંત્રીને પત્ર લખી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યુ હતું કે, ગુજરાત રાજ્યમાં ગુજરાત મેડીકલ એજ્યુકેશન રીસર્ચ સોસાયટી (GMERS)ની રચના ૧૪ વર્ષ પહેલાં કરવામાં આવી હતી અને તે સમયે રાજ્ય સરકારે સતત એવી જાહેરાત કરી હતી કે, 'ઓછી ફીમાં ડોક્ટરો તૈયાર કરવામાં આવશે, જે ગુજરાતની આરોગ્ય સેવાને મદદરૂપ થશે.' પરંતુ જે રીતે રાજ્ય સરકાર દ્વારા રાતોરાત એસઈઇજીની મેડીકલ કોલેજોમાં ઝીંકાયેલો જંગી ફી વધારો જે-તે સમયની રાજ્ય સરકારની જાહેરાતથી તદ્દન વિપરીત છે. હાલ રાજ્યમાં ૧૩ એસઈઇજી મેડીકલ કોલેજો છે. ગુજરાતમાં મોટા પાયે ડોક્ટરો, સ્પેશ્યાલીસ્ટ ડોક્ટરો, પેરા મેડીકલ સ્ટાફ, નર્સીસસહિતના મેડીકલ ક્ષેત્રે જોડાયેલા માનવબળની મોટાપાયે ઘટ છે ત્યારે ગુજરાતના મેડીકલ અભ્યાસ કરીને ડોક્ટર



બનવાનું સપનું જોતાં વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને વર્ષ ૨૦૨૪-૨૫ માટે સરકારી કોટા માં ૬૭% અને મેનેજમેન્ટ કોટામાં ૮૮% અને NRI કોટામાં ૩,૦૦૦ ડોલરના અસહ્ય ફી વધારાને કારણે ડોક્ટર બનવું મુશ્કેલ બનશે. એક સાથે મેડીકલની ફીમાં ૬૭ થી ૮૮% સુધીના વધારાને કારણે વાલી-વિદ્યાર્થીઓ મોટી આર્થિક ચિંતામાં મુકાઈ ગયા છે. સોસાયટીની કોલેજોમાં જે રીતે રાજ્ય સરકારે ફીનો તોતીંગ વધારો કર્યો છે તેના લીધે નીટના ઉંચા સ્કોરના આધારે જે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને GMERSની કોલેજોમાં પ્રવેશની શક્યતા હતી તે તમામ વિદ્યાર્થી-વાલીઓ માટે કેવી રીતે નાણાંકીય આયોજન કરવું તે ગંભીર પ્રશ્ન બની ગયો છે. ગુજરાતના વાલીઓ કે જેઓ પોતાના સંતાનોને મેડીકલમાં ગુજરાત ખાતે અભ્યાસ કરાવવા માંગે છે તેઓની રજુઆત કોંગ્રેસ પક્ષને મળી હતી. મેડીકલમાં જંગી ફી વધારા અંગેની વાલીઓની ચિંતા વ્યાજબી છે. સરકારી મેડિકલ કોલેજની ફીને લઈ ગત વર્ષની માફક આ વખતે વાલીઓનો વિરોધ જ ન થાય તેવા બદઈરાદા પૂર્વક સરકારે પ્રવેશ પહેલા જ તોતિંગ ફી વધારો જાહેર કર્યો છે. સરકારી ક્વોટાની બેઠકોમાં અત્યાર સુધીમાં વાર્ષિક રૂ.૩.૩૦ લાખ ફી લેવામાં આવતી હતી જેમાં ૬૬.૬૬%ના વધારા સાથે રૂ.૫.૫૦ લાખ ફી કરાઈ છે. મેનેજમેન્ટ ક્વોટાની ફી રૂ.૯ લાખથી વધારીને રૂ.૧૭ લાખ કરવામાં આવી છે, જેમાં ૮૮.૮૮%નો વધારો કરાયો છે. મહત્વની વાત એ છે કે, મેડિકલ કોલેજોની ફીમાં ગત વર્ષે તા.૨૦ જુલાઈના રોજ જે ફી વધારા સાથે પરિપત્ર પ્રસિદ્ધ કરાયો હતો એમાં માત્ર તારીખ જ બદલવામાં આવી છે. બાકી કોઈ ફેરફાર કરાયો નથી.આગામી દિવસોમાં ફી વધારો પાછો નહિ ખેંચાય તો કોંગ્રેસ પક્ષની વિદ્યાર્થી પાંખ એન.એસ.યુ.આઈ. આંદોલન કરશે.જેથી ફી વધાપો પાછો ખેંચવા માંગ કરાઇ છે.

# મુન્દ્રા માં પહેલા વરસાદના પાણી હજુ પણ સોસાયટીમાં ભરાયેલા

**શહેર ના વિવિધ રસ્તાઓ ધોવાઈ ગયા છે.કચ્છના પેરિસ તરીકે ઓળખાતા વિકાસ શીલ મુન્દ્રા શહેર ની પ્રથમ વરસાદ એ પોલ ખોલી દીધી હોય તેમ પાણી તો ભરાયા પરંતુ હજુ પણ કેટલાક વિસ્તારોમાં પાણી ઓસર્યા નથી જેને કારણે સ્થાનીકોમાં રોષ ફેલાયો છે.**

મુન્દ્રા, તા.૮

મુન્દ્રા તાજેતર માં છ ઈંચથી વધુ વરસાદ પડતા શહેરની વિવિધ સોસાયટી વિસ્તારોમાં પાણી ભરાયા છે અને વરસાદ થી શહેરના તેમજ આજુબાજુ વિસ્તારના રસ્તાઓ બિસ્માર બન્યા છે. ત્યારે થોડા સમય પહેલાં ખાબકેલા ભારે વરસાદ થી વલ્લભકૃપા તેમજ તેમની પાછળના સોસાયટી વિસ્તારોમાં હજુ પણ પાણી ભરાયેલા છે અને પાણીમાં પડેલા કચરાથી મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે ત્યારે સ્થાનિક વહીવટી તંત્ર એ નગરમાં જ્યાં જ્યાં વરસાદી પાણી ભરાયા છે તે અનેક સોસાયટી ઓમાં પાણીનો નિકાલ કરી દવાનો છંટકાવ કરે તેવી માંગ ઉઠી છે. થોડા દિવસ પહેલા પડેલા વરસાદ બાદ શહેર નો ડાક બંગલા થી ન્યુ મુન્દ્રા સુધીના માર્ગ પર ફૂટ ફૂટ ના ખાડા પડી ગયા છે અને આ રસ્તા ના કામ માં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો થઇ રહ્યા છે. શહેર ના ભાટિયા ચકલા થી શો મિલ સુધી જૂની ટેલિફોન કચેરી વાળો માર્ગ પણ ભારે વરસાદ ના કારણે ધોવાઈ ગયો છે અને ભારે વરસાદ માં આ વિસ્તાર વરસાદી પાણીનો નિકાલ ન હોવાથી ટાપુ માં ફેરવાઈ ગયો છે. આવા અનેક માર્ગો છે જ્યા પ્રથમ વરસાબ બાદ ત્યાથી પસાર થવુ મુશ્કેલ બન્યુ છે તે વચ્ચે હજુ પણ સોસીયટી વિસ્તારની સમસ્યા હળવી થઇ નથી. ત્યારે રોગચાળો ફેલાવાની દહેસત વચ્ચે મુન્દ્રા શહેરમાં તાત્કાલિક દવા છંટકાવ કરવા અને વરસાદ બાદ પડેલા ખાડા પૂરવા શહેરીજનો ની સંબંધિત પ્રશાસન પાસે માંગ કરી રહ્યા છે.





# બાવળિયાને મુખ્યમંત્રી બનાવવા મોદીને પત્ર

**જો કે મામલો સામે આવ્યા બાદ કુંવરજી બાવળિયાએ ખુદ સ્પષ્ટતા કરી હતી કે મને સીએમ બનાવવાની વાત પાયાવિહોણી છે, મારી આવી કોઈ જ માગ નથી.આ કોઈએ ઉભી કરેલી વાત છે. મારા કોઈ હિતેચ્છુએ આ પ્રકારની વાત કરી હશે પરંતુ મારી કોઈ આવી માંગણી નથી**

ગાંધીનગર, તા.૮

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી બાદ ભાજપના પ્રદેશ પ્રમુખની નિમણૂક અને રાજ્ય સરકારની કેબિનેટમાં ધરખમ ફેરફારો થશે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું હતું. લોકસભાની ચૂંટણીમાં પાંચ લાખની લીડનો ટાર્ગેટ અને તમામ ૨૬ બેઠકો પર જીત મેળવવામાં ભાજપનો પનો ટૂંકો પડ્યો છે. ભાજપમાં અંદરો અંદર શરૂ થયેલા વિખવાદ મુદ્દે ટૂંક સમયમાં ભાજપ સંગઠન અને સરકારમાં ફેર-ફાર થવાની વાત વહેતી થઈ છે. ત્યારે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના પૂર્વ અધ્યક્ષ ભુપતભાઈ એમ. ડાભી દ્વારા વડાપ્રધાનને પત્ર લખી કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાને મુખ્યમંત્રી બનાવવા રજૂઆત કરી હતી.

ભુપતભાઈ ડાભીએ પત્રમાં જણાવ્યું હતું કે, ગત લોકસભાની ચૂંટણીમાં સૌરાષ્ટ્ર કોળી સમાજ તેમજ ઉત્તર ગુજરાતનાં ઠાકોર સમાજ, દક્ષિણ ગુજરાતમાં કોળી પટેલ સમાજ સંપૂર્ણ સાથે રહ્યો છે. તો કોળી સમાજની લાગણી અને માંગણી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે કુંવરજીભાઈ બાવળીયાને મળે તેવી ગુજરાત રાજ્યના કોળી સમાજની માંગ છે. ગુજરાત રાજ્યમાં કોળી સમાજની વસ્તી ૩૨ ટકા છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે આ માંગ જસદણ વિંછીયા પંથકના કોળી સમાજ અગ્રણીઓ દ્વારા કરવામાં આવી છે. આ મુદ્દે ખુદ કુંવરજી બાવળિયાએ મીડિયા સમક્ષ સ્પષ્ટતા કરી છે.આ બધી ચર્ચા વચ્ચે કુંવરજીએ દિલ્હીમાં પ્રધાનમંત્રી સાથે પણ મીટિંગ કરી હતી. આ સમગ્ર મામલે કુંવરજીએ મીડિયા સમક્ષ કહ્યું હતું કે, મારા હિતેચ્છુએ મારુ નામ સજેસ્ટ કર્યું છે પરંતુ આખરી નિર્ણય આખરે હાઇ કમાન્ડે કરવાનો હોય છે.

તાજેતરમાં જ ગુજરાતમાં યોજાયેલ લોકસભાની ચૂંટણીમાં ભાજપે ૨૬ માંથી ૨૫ બેઠકો પર જીત મેળવી છે. જ્યારે એક સીટ કોંગ્રેસનાં ફાળે જતા ભાજપનાં કાર્યકરોમાં નિરાશા વ્યાપી હતી. લોકસભા ચૂંટણી વખતે ભાજપમાં ચાલી રહેલ વિખવાદ પણ અમુક લોકસભા સીટ પર જોવા મળ્યો હતો. પક્ષ વિરોધી કામગીરી કરનાર લોકો સામે પ્રદેશ મોવડી મંડળ ટૂંક જ સમયમાં કાર્યવાહી કરશે તેમજ પ્રદેશ સંગઠન માં જડમૂળથી ફેરફાર થવાની શક્યતાઓ છે. લોકસભાની ચૂંટણી બાદ હવે ગુજર-ાતના મંત્રીમંડળનું વિસ્તરણ થઇ શકે છે. આ રેસમાં કોનું પતુ કપાશે અને કોને સ્થાન મળશે તે આગામી સમય બતાવશે.




# હાઈકોર્ટે પાક વીમાના વળતર મુદ્દે નકાર્યો સરકારનો સર્વે રિપોર્ટ

અમદાવાદ , તા.૮

રાજ્યમાં ચોમાસા દરમિયાન પૂર અને અને કુદરતી હોનારતના લીધે ખેડૂતોને ભારે નુકસાન વેઠવાનો વારો આવે છે. ત્યારે ગુજરાત હાઈકોર્ટે પાક વીમાના વળતર મુદ્દે સરકારની કમિટી દ્વારા તૈયાર કરવામાં આવેલા રિપોર્ટને નકારી કાઢવામાં આવ્યો છે. જેને લઈને ખેડૂતો માટે ખુશીના સમાચાર છે. રાજ્યમાં વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માં ભારે વરસાદના લીધે ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું હતું. ત્યારે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પાક વીમા યોજના અંતર્ગત વળતર આપવા માટે સર્વે કરવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અંતગર્ત લાયકાત ધરાવતા ખેડૂતોને વળતર આપવા માટે સરકાર દ્વારા નિમાયેલી કમિટીએ યોગ્ય સર્વે ન કર્યો હોવાનું હાઈકોર્ટે અવલોકન કર્યું છે. ખેડૂતોની રજૂઆત સાંભળ્યા વિના સરકારની કમિટીએ રિપોર્ટ તૈયાર કર્યો હતો હોવાનું હાઇકોર્ટે કહ્યું હતું. ગુજરાત હાઈકોર્ટ દ્વારા સરકારના આ રિપોર્ટને નકારી કાઢવામાં આવ્યો હતો. હાઈકોર્ટ સમક્ષ અરજી કરનાર અરજદારો ના ક્લેમ બાબતે પણ કમિટીએ સુનાવણીની તક નહીં આપી હોવાનું હાઈકોર્ટે નોંધ્યું છે. આગામી બે અઠવાડિયામાં નવેસરથી રિપોર્ટ કોર્ટમાં રજૂ કરવાનો આદેશ કર્યો હતો. આગામી સુનાવણી ૨૬ જુલાઈએ હાથ ધરાશે.

CRIME LINE

# નવીદુધઈમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો: મુદામાલ સાથે આરોપીને ઝડપતી પોલીસ



ગાંધીધામ તા.૮

મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા તથા અટકાવવા પૂર્વ કચ્છ એલ.સી.બી પોલીસ ઈન્સ્પે. એન. એન.ચુડાસમાની આગેવાનીમાં એલ.સી.બી ટીમ દુધઈ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી મળેલ કે દુધઈ પો.સ્ટે.માં નોંધાયેલ ચોરીના ગુનાનો આરોપી ઈકબાલ હુશેન માંજોઠી (રહે.નવી દુધઈ) બસ સ્ટેશન પાસે હાઈવે રોડ ઉપર ઉભેલ છે. બાતમી આધારે તે જગ્યાએ જઇ તપાસ કરતા આરોપી હાજર મળી આવેલ તેની પાસેથી સોના જેવી ધાતુના દાગીના તેમજ મોબાઈલ ફોન મળી આવતા આ બાબતે પુછપરછ કરતા આ દાગીનાના કોઈ બીલ કે આધાર પુરાવા નહિ હોવાનુ જણાવેલ અને દાગીના આશરે દોઢેક મહિના પહેલાં રાત્રીના સમયે નવી દુધઈ નિરંકારી કોલોનીમાં એક મકાનમાંથી ચોરી કરેલ હોવાની કબુલાત આપતા તેની વિરુધ્ધ આગળની કાર્યવાહી માટે દુધઈ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો. આરોપી પાસેથી સોના ચાંદીના દાગીના ૪૦.૦૯ ગ્રામ કિ.રૂ.૧,૧૧,૩૭૫, મોબાઈલ ફોન-૧ કિ.રૂ. ૧૦૦૦ એમ કુલ્લ રૂ.૧,૧૨,૩૭૫ નો મુદામાલ હસ્તગત કરાયો હતો.

આ કામગીરી લોકલ કાઈમ બ્રાન્ચનાં પો.ઈ. એન.એન. ચુડાસમા, સબ ઈન્સ. એમ. વી.જાડેજા તથા એલ.સી.બી.સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# અંજાર જૈન કોલોનીના ઘરમાં ઘુસી છરીની અણીએ લુંટને અંજામ આપનાર ઝડપાયો



ગાંધીધામ તા.૮

જિલ્લામાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ શોધી તથા અટકાવવા પૂર્વ કચ્છ એલ. સી. બી. પોલીસ ઈન્સ્પે. એન. એન. ચુડાસમાની આગેવાનીમાં એલ. સી. બી ટીમ નાસતા ફરતા આરોપીઓ શોધવા પ્રયત્નશીલ હતી તે દરમ્યાન તેમને મળેલી બાતમી આધારે ગઈ તા. ૨૩/૦૧/૨૪ ના અંજાર જૈન કોલોનીમાં રાત્રી દરમ્યાન ફરીયાદીના ઘરમાં ઘુસી છરીની અણીએ લુંટ કરી ગંભીર ઈજાઓ પહોંચાડેલ, આ ગુનામાં સંડોવાયેલ નાસતો ફરતો આરોપી ઈબ્રાહીમ હુશેન કકલ (રહે. બાગેશ્રી નગર-અંજાર)ને ગુનામાં ઉપયોગમાં લીધેલ મો. સા. કિં. રૂ.૮૦,૦૦૦ સાથે પકડી પાડી આગળની કાર્યવાહી માટે અંજાર પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો હતો.આ કામગીરી લોકલ કાઈમ બ્રાન્ચનાં ઈન્સપેક્ટર એન.એન.ચુડાસમા, સબ ઈન્સ. એમ.વી.જાડેજા તથા પોલીસ એલ.સી.બી.સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# કિડાણાનો વ્યાજખોર ઝડપાયો



ગાંધીધામ તા.૮

ગેર કાયદેસર રીતે નાણા ધિરાણ કરી ઉંચુ વ્યાજ વસુલતા કિડાણાના આરોપી આરીફ ઉર્ફે આશીફ ગની છુછીયાને ગાંધીધામ બી ડીવીઝન પોલીસે ઝડપી પાડ્યો છે, જેની સામે પણ ગુનો નોંધાયેલ છે તે અન્ય કિડાણાના આરોપી સુલતાન ગની છુછીયાને પકડવાનો બાકી છે. ફરીયાદીએ નોંધાવેલ ફરિયાદ મુજબ ધંધા માટે નાણાંકીય જરૂરીયાત ઉભી થતા તેમણે રૂ. ૬,૮૧,૫૦૦ ૬ ટકાના વ્યાજ દરે આરોપીઓ પાસેથી લીધેલ અને રૂ. ૧૩,૧૯,૨૦૦ ચુકવી દીધા પછી પણ આ બે ભાઈઓ દ્વારા ઉઘરાણી ચાલુ રાખી ધાક ધમકી આપી મારી નાખવાનો ડર બતાવતા હતા, ફરીયાદ આધારે કિડાણા ખાતેથી એક આરોપીને પકડી પાડી પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરાઈ હતી. પોલીસની યાદીમાં ઉંચા વ્યાજના ચક્રવ્યુહમાં ફસાઈ ને ભોગ બનેલા હોય તો તેમને નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા અપીલ કરાઈ છે.

# ગાગોદરના બુટલેગરની પાસા હેઠળ અટકાયત



ગાંધીધામ તા.૮

પુર્વ કચ્છમાં પ્રોહીબીશનની પ્રવૃતિ આચરતા ઈસમો પર રોક લગાવવા જરૂરી અટકાયતી પગલા લેવા પોલીસ વડાઓની સુચના અન્વયે એલ.સી.બી.ઈન્સ. એન. એન.ચુડાસમા દ્વારા ગાગોદરના પ્રોહી.બુટલેગર વાસુદેવસિંહ ઉર્ફે વાસુભાઈ અજીતસિંહ જાડેજા વિરૂદ્ધ સામખ્યાળી તથા ગાગોદર પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશનનાં મોટા જથ્થાના ગુનાઓ દાખલ થયેલ હોઈ પાસા દરખાસ્ત તૈયાર કરવામાં આવેલ જે કલેક્ટર કચ્છ દ્વારા દરખાસ્ત મંજુર કરી પાસા વોરંટ ઈશ્યુ કરતા એલ.સી.બી.ટીમે આ ઈસમને પાસા તળે અટકાયતમાં લઈ વડોદરા મધ્યસ્થ જેલ મોકલી આપવામાં આવેલ છે. આ કામગીરી લોકલ કાઈમ બ્રાન્ચના ઈન્સ પેક્ટરએન.એન.ચુડાસમા, સબઈન્સ પેક્ટર એમ.વી.જાડેજા તથા સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.